dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 26 | AD - 2026, Aso Vad - 15 | Monday, Dt. 26-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વડાપ્રધાને પરંપરાગત તથા કુદરતી ખેતી પધ્ધતિઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો

# "મન કી બાત"ના ૧૩૯મા એપિસોડમાં વડાપ્રધાને 'વોકલ ફોર લોકલ' પર ભાર

નવી દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પોતાના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૯મા એપિસોડ દ્વારા દેશ અને વિદેશના દેશવાસીઓને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું હતું કે 'મન કી બાત' એ દેશના સામાન્ય લોકોની મહેનત, હિંમત, સમર્પણ અને સેવા ભાવનાની ઉજવણી કરવાની એક અદ્ભુત યાત્રા સમાન છે. તેમણે ઉમેર્યું કે ૧૨ વર્ષ પહેલા વિજયાદશમીના પવિત્ર દિવસે શરૂ થયેલી આ યાત્રા દેશવાસીઓના માર્ગદર્શન અને સહયોગથી નિરંતર આગળ વધી રહી છે.

આગામી તહેવારોની મોસમનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને 'વોકલ ફોર લોકલ' અભિયાન પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ભારતીયોમાં હવે ખરીદી કરતી વખતે સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે ભારે ઉત્સાહ અને આકર્ષણ જોવા મળી રહ્યું છે. દેશવાસીઓમાં 'વોકલ ફોર લોકલ'ની આ ભાવનાના પરિણામે ભારતીય ગુણવત્તાયુક્ત ઉત્પાદનો વિશ્વભરના વૈશ્વિક બજારો સુધી પહોંચવામાં સફળ રહ્યા છે. તેમણે સ્થાનિક કારીગરો અને વણકરો દ્વારા નિર્મિત ઉત્પાદનો પસંદ કરીને આ ઝુંબેશને વધુ મજબૂત બનાવવાની અપીલ કરી હતી.



વડાપ્રધાને પરંપરાગત તથા કુદરતી ખેતી પધ્ધતિઓના મહત્વ પર પ્રકાશ પાડતા પંજાબના 'ખેતી વિરાસત મિશન' નામના સંગઠન દ્વારા માલવા ક્ષેત્રમાં શરૂ કરાયેલા 'નવ-ત્રિંજણ' પહેલની પ્રશંસા કરી હતી. આ અભિયાન અંતર્ગત કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરો વગર ઓર્ગેનિક અને કુદરતી રંગો ધરાવતા કપાસની ખેતી કરવામાં આવી રહી છે, જેનાથી કપાસમાંથી યાર્ન અને કાપડ બનાવતી વખતે વધારાના રસાયણો વાપરવાની જરૂર પડતી નથી. આ પ્રયોગ પર્યાવરણ સુરક્ષાની દિશામાં એક મોટું અને પ્રેરણાદાયી પગલું સાબિત થઈ રહ્યો છે.

આ ઉપરાંત, તેમણે મહારાષ્ટ્રના આદિવાસી સમુદાયો દ્વારા ઉત્પાદિત વસ્તુઓના સુંદર અને આકર્ષક પેકેજિંગના વખાણ કર્યા હતા. 'શબરી નેચરલ્સ' હેઠળ મધ, મહુઆ, પાઈન અને વાંસમાંથી બનેલી બનાવટોને આદિવાસી કળા સાથે રજૂ કરવામાં આવી રહી છે. આ પેકેજિંગને જાપાનનો આંતરરાષ્ટ્રીય સ્તરનો પ્રતિષ્ઠિત 'ગુડ ડિઝાઈન એવોર્ડ'પણ મળ્યો છે, જે સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે. પીએમ મોદીએ બિહારના મખાના, કર્ણાટકની અડહર દાળ અને ખાદી ઉદ્યોગની વધતી જતી લોકપ્રિયતાનો ઉલ્લેખ કરીને સ્થાનિક ઉત્પાદનોના સતત વિસ્તરતા વૈશ્વિક બજારને બિરદાવ્યું હતું.

આગામી દિવાળી અને છઠ પૂજા જેવા પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાને દેશભરમાં સ્વચ્છતા જાળવવાની હાકલ કરી હતી. તેમણે ઉત્તરાખંડના ટિહરી ગઢવાલ વિસ્તારમાં સ્થાનિક વહીવટીતંત્ર અને ગ્રામજનોના સંયુક્ત પ્રયાસોથી સુકાઈ ગયેલી 'હેવલ' નદીને પુનર્જીવિત કરવાના સફળ અભિયાનનું ઉદાહરણ આપ્યું હતું. વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભજળ રિચાર્જિંગ અને વ્યાપક વૃક્ષારોપણ દ્વારા હેવલ નદી અને તેના કુદરતી જળસ્ત્રોતો ફરીથી જીવંત બન્યા છે.

# પૂર્વોત્તરમાં 'ઓપરેશન ટ્રાઈડેન્ટ': ૩૮ સ્થળોએ દરોડા, ૧,૪૨૪ બેંક ખાતા સીઝ અને કરોડોની સંપત્તિ જપ્ત

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જાહેરાત કરી હતી કે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ દળોએ સંયુક્ત રીતે 'ઓપરેશન ટ્રાઈડેન્ટ'હેઠળ એક મોટું આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટ ખુલ્લું પાડ્યું છે. આ ઓપરેશનમાં આસામ, મિઝોરમ અને મણિપુરમાંથી ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે.



ગૃહમંત્રીએ જણાવ્યું કે આ ડ્રગ નેટવર્ક 'ડેથ ટ્રાયેંગલ કોરિડોર' મારફતે ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશની સરહદો પરથી ગેરકાયદે ડ્રગ્સની દાણચોરી કરતું હતું. ૨૩ ઓક્ટોબરે હાથ ધરાયેલા આ દરોડામાં ૧૦૦ કરોડ રૂપિયાના હવાલા વ્યવહારો મળી આવ્યા છે. તે ઉપરાંત ૧,૪૨૪ બેંક ખાતા સ્થગિત (સીઝ) કરવામાં આવ્યા છે, રૂ.૧૭.૮૨ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ છે અને ૫૦૦ ડેટોનેટર સહિત રૂ.૧૨ લાખની રોકડ રકમ કબજે કરવામાં આવી છે.

અમિત શાહે કહ્યું કે આ સમગ્ર કાર્યવાહી ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં ભારતને સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત કરવાના કેન્દ્ર સરકારના દ્રઢ સંકલ્પને દર્શાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે દેશની સુરક્ષા અને પ્રગતિમાં વિઘ્નરૂપ બનતા નાર્કો-કાર્ટેલનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી આ પ્રકારની કડક કાર્યવાહી નિરંતર ચાલુ રહેશે. સાથે જ, દેશની સરહદો અને આંતરિક સુરક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપનારા દેશના શૂરવીર પોલીસ જવાનો અને સુરક્ષા દળોના યોગદાનને બિરૂદાવ્યું હતું.

# પટનામાં કોંગ્રેસના કાર્યક્રમમાં મલ્લિકાર્જુન ખડગેનું વિવાદાસ્પદ નિવેદન: ભાજપે કર્યા આકરા પ્રહારો

બિહાર,તા.૨૫

બિહારના પટના સ્થિત બાપુ સભાગાર ખાતે પૂર્વ મુખ્યમંત્રી ડૉ. શ્રીકૃષ્ણ સિંહની ૧૩૯મી જયંતી સમારોહ દરમિયાન ભારે હોબાળો મચ્યો હતો.



આ કાર્યક્રમમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓ સામે પ્રહાર કરી રહ્યા હતા.તે દરમિયાન સભામાંથી એક શખ્સે ઉભા થઈને "મોદીજી જવાના નથી" તેમ કહ્યું હતું. આ સાંભળીને ઉશ્કેરાયેલા ખડગેએ "મોદી શું, તેના બાપ પણ જશે" તેવું વાંધાજનક નિવેદન ત્રણ વખત દોહરાવ્યું હતું. આ ઘટના બાદ સભાગારમાં ઉપસ્થિત અન્ય લોકોએ પેલા યુવક સાથે મારપીટ શરૂ કરી દીધી હતી.

આ વિવાદિત નિવેદન અને હિંસક ઘટના બાદ ભાજપે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરતા જણાવ્યું કે, જે ભાષાનો ઉપયોગ ગુંડા અને મવાલીઓ કરતા હોય છે, તેનો ઉપયોગ આજે કોંગ્રેસ અધ્યક્ષ કરી રહ્યા છે.

ભાજપે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ હવે રાજકીય પક્ષ નહીં પરંતુ માફિયા ગેંગની જેમ વર્તી રહી છે.

**'મોદી નહીં જાય' કહેનાર યુવક સાથે સ્થળ પર મારપીટ: ભાજપે કોંગ્રેસની કાર્યશૈલીને માફિયા ગેંગ જેવી ગણાવી**

# ઓપરેશન સિંદૂર સાબિત કરે છે કે કોઈ પણ લક્ષ્ય વાયુસેનાની પહોંચ બહાર નથી: એર ચીફ માર્શલ એપી સિંહ

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે 'ઓપરેશન સિંદૂર' અંગે વાત કરતા દુશ્મન દેશ પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમી મોરચા પર ૧,૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં અને ૨૦૦ કિલોમીટર સુધીની ઊંડાણમાં કરવામાં આવેલા ચોકસાઈભર્યા હુમલાએ સાબિત કરી દીધું છે કે કોઈ પણ લક્ષ્ય ભારતીય વાયુસેનાની પહોંચ બહાર નથી.



એર ચીફ માર્શલે સ્પષ્ટ કર્યું કે આ ઓપરેશને કટોકટીના સમયમાં વાયુસેનાની પ્રથમ પ્રતિભાવ આપનાર દળ તરીકેની નિર્ણાયક ભૂમિકા અને તેની અસાધારણ લશ્કરી ક્ષમતાની પુષ્ટિ કરી છે.

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરાયેલા આ ઓપરેશન હેઠળ ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના વિસ્તારોમાં સ્થિત આતંકવાદી માળખા પર સચોટ હુમલા કરવામાં આવ્યા હતા. ૧૯૭૧ના યુધ્ધ પછીની આ સૌથી હિંમતવાન સરહદ પારની લશ્કરી કાર્યવાહી હતી.

તેમણે ઉમેર્યું કે આ ઓપરેશનની સફળતા કોઈ એક શસ્ત્ર કે પ્લેટફોર્મને કારણે નહીં, પરંતુ સચોટ ગુપ્ત માહિતી, નેટવર્ક-આધારિત કામગીરી, સ્વદેશી શસ્ત્ર પ્રણાલીઓ, ઈલેક્ટ્રોનિક યુધ્ધ અને બહુ-સ્તરીય હવાઈ સંરક્ષણ પ્રણાલીઓના બહુભાષી સંકલનનું પરિણામ હતી. વાયુસેનાએ નિર્દોષ નાગરિકો કે અન્ય સંપત્તિને નુકસાન ન પહોંચાડવાની પોતાની કટિબધ્ધતા પણ પૂર્ણ કરી હતી.

# જલગાંવમાં RSSની કૂચ દરમિયાન તણાવ: મસ્જિદ સામે વિરોધ બાદ પથ્થરમારો, પોલીસે લાઠીચાર્જ કર્યો

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના કિંગણગાંવ વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા કાઢવામાં આવેલી કૂચ દરમિયાન બે જૂથો વચ્ચે ભારે અથડામણ થતાં તણાવ સર્જાયો હતો. મસ્જિદ સામેથી પસાર થઈ રહેલી શોભાયાત્રાનો કેટલાક લોકોએ વિરોધ કર્યો હતો, જેને પગલે સ્થિતિ વણસી હતી.

ઘટનાસ્થળે કેટલાક અસામાજિક તત્વો દ્વારા પથ્થરમારો કરવામાં આવતાં ગભરાટ ફેલાયો હતો. તણાવને નિયંત્રણમાં લેવા પોલીસે હળવો લાઠીચાર્જ કરી ભીડને વિખેરી નાખી હતી. ત્યારબાદ ચુસ્ત પોલીસ સુરક્ષા વચ્ચે શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.



પોલીસ અધિક્ષક શ્રીકાંત ધીવાર સહિતના ઉચ્ચ અધિકારીઓ વધારાના પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા છે. હાલ કિંગણગાંવમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે, પરંતુ સાવચેતીના ભાગરૂપે કડક બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૬-૧૦-૨૦૨૬

# કેરીયાનાગસમાં રૂ. ૫.૪૩ કરોડના વિકાસકાર્યોનું રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકાના કેરીયાનાગસ મુકામે કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં અંદાજે રૂ. ૫.૪૩ કરોડના વિવિધ લોકઉપયોગી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ વિકાસકાર્યો થકી ગ્રામ્ય વિસ્તારમાં માળખાકીય સુવિધાઓમાં વધારો થશે અને સ્થાનિક લોકોને પરિવહનની વધુ સારી સુવિધા ઉપલબ્ધ બનશે. કેરીયાનાગસ ગામના વિકાસ માટે વિવિધ માળખાકીય કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે સીસી રોડનું નિર્માણ, રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે બે નવા પુલનું નિર્માણ, રૂ. ૩ કરોડના ખર્ચે કેરીયાનાગસ-વરસડા માર્ગનું નવીનીકરણ અને રૂ. ૩ લાખના ખર્ચે નવા કોઝ-વેના નિર્માણકાર્યનો સમાવેશ થાય છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આ તમામ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત





કર્યું હતું.આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં અનેક વિકાસકાર્યો પૂર્ણ થયાં છે, જ્યારે અનેક કામો પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારમાં વિકાસકાર્યો માટે રજૂઆત કરવામાં આવે ત્યારે તેને ધ્યાને લઈને ઝડપથી મંજૂરી આપવામાં આવે છે. અમરેલીની ઐતિહાસિક ધરોહર ગાયકવાડી રાજમહેલના નવીનીકરણ અને ઐતિહાસિક ઘડિયાળ ટાવરના પુનઃસ્થાપન સહિતનાં કાર્યોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી શહેરમાં વીજળીના વાયરો ભૂગર્ભમાં ઉતારવા માટે મોટા બજેટ સાથે મહત્વપૂર્ણ પ્રકલ્પ શરૂ કરવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. ઠેબી નદી પર નદીકિનારા વિકાસ પ્રકલ્પ અને ખેતીવાડી વીજલાઈનોને એમ.વી.સી.સી. કેબલમાં રૂપાંતરિત કરવા સહિતનાં વિકાસકાર્યો સાકાર કરવાની નેમ છે.ભૌતિક વિકાસની સાથે પર્યાવરણ સંરક્ષણને પણ પ્રાધાન્ય આપતાં ગામમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સદ્ભાવના ટ્રસ્ટના સહયોગથી અંદાજે રૂ. ૮૦ લાખના ખર્ચે આશરે ૨,૫૦૦ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. રાજ્યમંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને ગ્રામજનોને પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.આ કાર્યક્રમનું આયોજન અમરેલી જિલ્લા પંચાયતનાં દંડક સોનલબેન જયેશભાઈ ગાંગડિયા અને કેરીયાનાગસ ગામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા તથા તાલુકા પંચાયતના પદાધિકારીઓ, વિવિધ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના સુખપુર ગામે 'મન કી બાત-પ્રાકૃતિક કૃષિ કે સાથ' કાર્યક્રમ યોજાયો

બાબરા, તા.૨૫

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સુખપુર ગામે 'મન કી બાત - પ્રાકૃતિક કૃષિ કે સાથ' કાર્યક્રમનું આયોજન પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી ખેડૂતોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, પ્રભારી બાબુભાઈ જોળીયા, મહામંત્રી રણજીતભાઈ



તસવીર : દિપક કનૈયા

વાળા, ઉપપ્રમુખ સવજીભાઈ બાંભવા તેમજ મંડળ પ્રમુખો સુરેશભાઈ દેસાઈ, ચંદુભાઈ સાવલિયા અને નિકુંજ કોટડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લલિતભાઈ આંબલિયા, જિલ્લા પંચાયતના સભ્ય હિતેશભાઈ કલકાણી, મહેશભાઈ, અશોકભાઈ, કરશનભાઈ જાપડિયા અને વનાભાઈ જાપડિયા સહિતના આગેવાનો તથા મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# આંબરડી-જાબાળ વચ્ચે LPG ગેસ ભરેલું ટેન્કર પલટાયું, ડ્રાઈવર ઘાયલ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા-જાબાળ માર્ગ પર આંબરડી અને જાબાળ ગામ વચ્ચે આવેલા પેટ્રોલ પંપ પાસે LPG ગેસ ભરેલું ટેન્કર પલટી જતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સાવરકુંડલા અને અમરેલી ફાયર ફાઈટરની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કેદાર પેટ્રોલિયમ, જાબાળના સ્ટાફે સમયસૂચકતા દાખવી ટેન્કરના ડ્રાઈવરનો જીવ બચાવવામાં મદદ કરી હતી. આ ઉપરાંત સાવરકુંડલા ૧૧૨ના ઈન્ચાર્જ નિલેશભાઈ સોલંકી, પાયલોટ કુણાલભાઈ વિંઝુડા અને હોમગાર્ડ જવાન કેતન પંડ્યા પણ સ્થળ પર પહોંચ્યા હતા. ટીમોએ ઘટનાસ્થળે જરૂરી બચાવ અને સુરક્ષાની કામગીરી હાથ ધરી હતી.

# બાબરા મામલતદાર કચેરી ખાતે નવનિર્મિત જન સેવા કેન્દ્રનું ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યું લોકાર્પણ

બાબરા,તા.૨૫

બાબરા મામલતદાર કચેરી ખાતે નવનિર્મિત જન સેવા કેન્દ્રનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાગરિકોને સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળ, ઝડપી અને પારદર્શક રીતે એક જ સ્થળેથી મળી રહે તેવા હેતુથી આ સુવિધા ખુલ્લી મુકાઈ છે. ધારાસભ્યએ જણાવ્યું કે સામાન્ય માણસ સુધી સમયસર સેવા પહોંચાડવી એ સરકારની પ્રાથમિકતા છે અને



ટેક્નોલોજીના ઉપયોગથી આ કેન્દ્ર ખૂબ ઉપયોગી સાબિત થશે. કાર્યક્રમ દરમિયાન અધિકારીઓએ ઉપલબ્ધ સેવાઓની માહિતી આપી હતી. આ પ્રસંગે નગરપાલિકા, જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ભાજપ સંગઠનના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોએ કેન્દ્રનું નિરીક્ષણ કરી કર્મચારીઓને નાગરિકો પ્રત્યે સંવેદનશીલતા દાખવી ઝડપી સેવા પૂરી પાડવા અનુરોધ કર્યો હતો.

# લીલીયા મોટા રેલવે સ્ટેશન પર સુવિધાઓ વધારવા કોંગ્રેસની રજૂઆત

**તાલુકા કોંગ્રેસ પ્રમુખે રેલવે તંત્રને પત્ર લખી પ્લેટફોર્મ, દાદરા અને કેન્ટીન શરૂ કરવાની માંગ કરી**



લીલીયા,તા.૨૫

લીલીયા મોટા રેલવે સ્ટેશન પર મુસાફરોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીએ રેલવે તંત્રને પત્ર લખીને રજૂઆત કરી છે. બે ટ્રેનોના ક્રોસિંગ સમયે મુસાફરોને હાલાકી પડતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. ટ્રેનમાં ચઢવા-ઉતરવા માટે આશરે ચાર ફૂટ નીચે ઉતરવું પડતું હોવાથી વૃધ્ધો, દર્દીઓ, મહિલાઓ અને બાળકોને મુશ્કેલી પડે છે. સ્ટેશનની સામેની બાજુએ પ્લેટફોર્મ બનાવવા, પાટા ઓળંગવા દાદરાની સુવિધા ઊભી કરવા અને ચા-નાસ્તા તથા ઠંડાં પીણાંની કેન્ટીન શરૂ કરવાની માંગ કરાઈ છે. બીજી તરફ જવા માટે એક કિલોમીટર જેટલું અંતર કાપવું પડતું હોવાથી મુસાફરોને મુશ્કેલી થાય છે. રેલવે તંત્ર તાકીદે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવે તેવી માંગ કરવામાં આવી છે.

# બાબરા અને દામનગરમાં સ્વદેશી મેળાનો ભવ્ય પ્રારંભ

બાબરા, તા. ૨૫

બાબરા અને દામનગર ખાતે નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાનો ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, મહિલા ઉદ્યોગકારો અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુથી આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળામાં હસ્તકલા, ગૃહઉદ્યોગની ચીજવસ્તુઓ તેમજ મહિલા સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ ઉત્પાદનોના સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મેળામાં



સ્થાનિક કારીગરો અને વેપારીઓએ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું. બંને આગેવાનોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને ઉત્પાદનોની માહિતી મેળવી હતી અને વેપારીઓ તથા કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લોકોને સ્થાનિક ઉત્પાદનો અપનાવવા અને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરવા અપીલ કરી હતી. જ્યારે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, સ્વદેશી વસ્તુઓની ખરીદીથી સ્થાનિક ઉદ્યોગો, કારીગરો અને નાના વેપારીઓને આર્થિક સહારો મળશે તેમજ આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂતી મળશે.કાર્યક્રમમાં નગરપાલિકાના હોદ્દેદારો, પંચાયતના સભ્યો, ભાજપના આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારી તાલુકાના દેવલા-રામપરા રોડ પર બચ્ચા સાથે સિંહણ કેમેરામાં કેદ



તસવીર : સંજય વાળા

ધારી,તા.૨૫

ધારી તાલુકાના દેવલા-રામપરા રોડ પર બચ્ચા સાથે પસાર થતી સિંહણ કેમેરામાં કેદ થઈ હતી. બચ્ચા સાથેની સિંહણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વન્યજીવપ્રેમીઓમાં કુતૂહલ જોવા મળી રહ્યું છે. ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની વધતી સંખ્યા સાથે વન્ય પ્રાણીઓની અવરજવર પણ વધી રહી છે. શિકારની શોધમાં સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓ ઘણીવાર ગામની નજીક આવી ચડે છે. ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણીઓની અવરજવરને ધ્યાનમાં રાખીને લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે.









અમરેલીમાં 'પી.એમ. કિસાન સન્માન નિધિ' અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી માટે સુચારુ આયોજન

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૫

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબરે સમગ્ર અમરેલી જિલ્લામાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકા વિસ્તારોમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો સંદેશ આપતી 'એકતા રેલી' (રન ફોર યુનિટી) તેમજ દેશભક્તિના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ધામધૂમથી યોજાશે. આ તમામ કાર્યક્રમોના સુચારુ આયોજન અને સફળ સંચાલન માટે જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઈ હતી. નિવાસી અધિક કલેક્ટર એ.એ. ડોડિયાએ ઉપસ્થિત તમામ વિભાગના અધિકારીઓને કાર્યક્રમની રૂપરેખા આપીને જરૂરી માહિતી અને વહીવટી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વની






ઉજવણીમાં સ્થાનિક નાગરિકો મહત્તમ સંખ્યામાં જોડાય તે માટેની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલા રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ તા. ૩૦ ઓક્ટોબરે યોજાનારા જિલ્લાકક્ષાના 'પી.એમ. કિસાન સન્માન નિધિ' કાર્યક્રમ અંગે વહીવટી તંત્રને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખેડૂત કલ્યાણની આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને કાર્યક્રમ ખેડૂતલક્ષી બને તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયતના હોદ્દેદારો અને આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત આયોજનને પગલે ઓક્ટોબર માસના અંતમાં અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય ચેતના અને કૃષિ મહોત્સવનો બેવડો સમન્વય જોવા મળશે. તમામ સહયોગી વિભાગો પરસ્પર સંકલન સાધીને બંને મહત્વપૂર્ણ કાર્યક્રમોને સફળ બનાવવા સંપૂર્ણ રીતે સજ્જ બન્યા છે. બેઠકમાં અમરેલી પ્રાંત અધિકારી જાડેજા, વર્ચ્યુઅલ રીતે જોડાયેલા પ્રાંત અધિકારીઓ, મામલતદારો, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સેન્ટિંગના લાકડાના ટેકા સરખા રાખવાનું કહેતાં ધમકી આપી

**ધારીના ત્રંબકપુર ગામની ઘટના**

ધારી,તા.૨૫

ધારીના ત્રંબકપુર ગામે સેન્ટિંગના લાકડાના ટેકા સરખા રાખવાનું કહેતાં યુવકને મૂંઢ માર મારવામાં આવ્યો હતો, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે સાગરભાઈ મનસુખભાઈ વાળા (ઉં.વ.૨૯)એ પિન્ટુભાઈ દેવજીભાઈ દેંગડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ તથા આરોપી સાથે સેન્ટિંગનું કામ કરતા હતા. તે વખતે તેમણે આરોપીને બે-ત્રણ વખત સેન્ટિંગના લાકડાના ટેકા સરખા રાખવાનું કહેતાં આરોપીને ખોટું લાગી ગયું હતું. આથી તેણે ગાળો આપી પાવડા વડે માથાના ભાગે મારવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સાગરભાઈ છટકી જતાં પાવડો ડાબા પગના નળાના ભાગે વાગ્યો હતો જેમાં એક ટાંકો આવે તેવી ઈજા થઈ હતી.

આ ઉપરાંત શરીરે આડેધડ પાવડા વડે મૂંઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ભરત સુતરીયા અને જે.વી.કાકડીયાના હસ્તે ભાડેર ખાતે આરોગ્ય કેન્દ્રનું ખાતમુહુર્ત

અમરેલી,તા.૨૫



ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને અમરેલી જિલ્લા પંચાયતના સહયોગથી ધારી તાલુકાના ભાડેર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું તેમજ હરીપરા, કુબડા અને ગોવિંદપુરાના નવનિર્મિત આયુષ્માન આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ ભાડેર ખાતેથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે ભાડેર ખાતે બનનાર નવા બિલ્ડીંગનું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. નવા આરોગ્ય કેન્દ્રો શરૂ થવાથી આસપાસના ગામોના લોકોને પોતાના વિસ્તારમાં જ આરોગ્યની સારી સુવિધાઓ મળી રહેશે અને નાની-મોટી બીમારીઓ માટે દૂર સુધી જવું નહીં પડે. કાર્યક્રમમાં ધારી તાલુકા ભાજપ પ્રમુખ, અન્ય રાજકીય આગેવાનો, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો તેમજ ભાડેર ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોશીભાઈ, ધારી તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી. સી. મકવાણા, આરોગ્ય વિભાગનો સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો પણ હાજર રહ્યા હતા.

## કુંકાવાવના તરઘરીથી ખજુરી પીપળીયા માર્ગ પર ખાતમુહૂર્ત કરતા કૌશિક વેકરીયા



અમરેલી, તા.૨૫

કુંકાવાવ તાલુકામાં વિકાસકાર્યોને ગતિ આપવા ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે તરઘરીથી ખજુરી પીપળીયા માર્ગ પર આશરે ૭૫ લાખના ખર્ચે બનનાર પ્રોટેક્શન વોલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. મંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકાર ખેડૂતોના હિત અને સિંચાઈ સુવિધા માટે પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશેષ મંજૂરી આપતા ૭૧ કરોડના ખર્ચે સૌની યોજનાની પાઈપલાઈનનો વિસ્તાર થશે, જેથી વિવિધ ગામોના ખેડૂતોને પાણીનો વધુ લાભ મળશે.પ્રસંગે રમાબેન હિરપરા, જે.ડી. ગુજરીયા, પી.વી. વસાણી, ગોપાલભાઈ અંટાળા, યોગેશભાઈ લાખાણી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સારંગપુર ગામથી પીપળિયા જવાના રસ્તે આઈસરમાં આગ લાગતાં બળીને ખાખ

વડિયા,તા.૨૫

સારંગપુર ગામથી પીપળિયા જવાના રસ્તે આઈસરમાં અચાનક આગ લાગતાં ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી. આ અંગે પરસોત્તમભાઈ મગનભાઈ વાળા (ઉં.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના શેઠ સવજીભાઈ ભીખાભાઈ સરવૈયાનું આઈસર લઈને ભેંસો ભરવા નીકળ્યા હતા.તે વખતે સારંગપુર ગામથી આશરે એક કિ.મી. જેટલા દૂર પહોંચ્યા ત્યારે ગાડીની કેબિનમાં ડ્રાઈવિંગ સીટના પાછળના ભાગે વાયરિંગમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જોતજોતામાં આગ આખી ગાડીમાં પ્રસરી જતાં આઈસર બળીને ખાખ થઈ ગયું હતું.

આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## લીલીયાના ખારા ગામના પશુપાલકની ભેંસનું વીજશોકથી મોત

લીલીયા,તા.૨૫

લીલીયાના ખારા ગામના પશુપાલકની ભેંસનું વીજશોક લાગવાથી મોત થયું હતું. બનાવ અંગે ભલાભાઈ જેઠાભાઈ બતાડા (ઉં.વ. ૬૦)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાની ભેંસો ખારા ગામથી સનાળિયા ગામ તરફ જતા રોડકાંઠે દુલાભાઈ હીરાભાઈ તાવથિયાના ખેતર પાસે ચરાવવા માટે લઈ ગયા હતા. આ રોડકાંઠેથી ખેતીવાડી વીજ કનેક્શનની ૧૧ કે.વી. લાઈન પસાર થતી હતી. તેઓ પોતાની ભેંસો લઈને ત્યાંથી પસાર થતા હતા, ત્યારે ભેંસોમાંથી એક ભેંસ વીજપોલના તાણિયા પાસેથી પસાર થતાં જ તેને ઈલેક્ટ્રિક શોર્ટ લાગતાં સ્થળ પર જ મરણ પામી હતી.

આ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી. બી. ટીલાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.




### અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગીતાબેન રમણીકલાલ માનસેતા (ઉં.વ.૭૧) તે રમણીકલાલ અમૃતલાલ માનસેતાના ધર્મપત્ની, દિપકકુમાર રમણીકલાલ માનસેતા, ધર્મેન્દ્રભાઈ રમણીકલાલ માનસેતા, ગિરીશ(ગોપાલ) રમણીકલાલ માનસેતાના માતાશ્રીનું તા.૨૪/૧૦/૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૨૬/૧૦/૨૬ને સોમવારને રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે લોહાણા મહાજન વાડી નદીકાંઠે સાવરકુંડલા ખાતે પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**બગસરા**

મૂળ સણોસરા અને હાલ બગસરા નિવાસી રમણીકભાઇ મણિલાલ દવેના ધર્મપત્ની અ.સૌ. મંગળાબેન રમણીકભાઇ દવે ઉંમર વર્ષ ૬૫ તે ધીરજલાલ દવે (સણોસરા), પ્રભાશંકર દવે (ભાવનગર), લીલાબેન પાઠક (અમરેલી), જયાબેન વ્યાસ (બગસરા)ના નાના ભાઈના ધર્મપત્ની તથા કિરીટભાઇ દવે (નાગરીક બેંક) અને જાગૃતિબેન બગસરાના માતુશ્રીનું તા. ૨૫.૧૦.૨૦૨૬ના રોજ દુઃખ અવસાન થયેલ છે.







**-:: જાહેર નોટીસ ::-**

**કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.**

ફો.પ.અ.નં.- ૧૮૨ / ૨૦૨૬
મુદત તારીખ - ૦૫/ ૧૧/૨૦૨૬

અરજદાર :- દાદાભાઈ અબ્દેરેમાનભાઈ
રહે. દીવ, તા.દીવ, જી.દીવ
વિધ્વાન વકીલ શ્રી- એ.જી.સુરૈયા,

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,. ઘાંટવડ, ગ્રામ પંચાયત કચેરી
મું-ઘાંટવડ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર દાદાભાઈ અબ્દેરેમાનભાઈ, રહે.દીવ,તા.દીવ,જી.દીવ વાળાએ તેમના પુત્ર અબ્દુલરેમાન દાદાનો જન્મ તા.૦૨ / ૦૭ / ૧૭૭૫ ના રોજ -ઘાંટવડ, તા. કોડીનાર. જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ-૦૫/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯ / ૧૦ / ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (એ.આર.ચૌહાણ) | (એ.જી.ચૌહાણ ) | | (કે. એચ. બારડ) |
| (આસીસ્ટન્ટ) | (સુપ્રિટેન્ડેન્ટ) | | ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર |

**-:: જાહેર નોટીસ ::-**

**કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.**

ફો.પ.અ.નં.- ૧૮૪ / ૨૦૨૬
મુદત તારીખ - ૦૫/ ૧૧/૨૦૨૬

અરજદાર :- હાલાઈ જીકરભાઈ સીદીભાઈ
રહે. કોડીનાર, તા.કોડીનાર, જી.ગીરસોમનાથ
વિધ્વાન વકીલ શ્રી- એ.જી.સુરૈયા,

**વિરૂધ્ધ**

સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી, કોડીનાર, નગરપાલીકા
મું-કોડીનાર,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર હાલાઈ જીકરભાઈ સીદીભાઈ, રહે.કોડીનાર,તા.કોડીનાર,જી.ગીરસોમનાથ વાળાએ તેમના બહેન સમીમબેન નો જન્મ તા.૦૧ / ૦૧ / ૧૯૭૮ ના રોજ -કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ-૦૫/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯ / ૧૦ / ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (એ.આર.ચૌહાણ) | (એ.જી.ચૌહાણ ) | | (કે. એચ. બારડ) |
| (આસીસ્ટન્ટ) | (સુપ્રિટેન્ડેન્ટ) | | ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર |

**-//સાવરકુંડલાના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ શ્રી કે.એન. સરવૈયા સાહેબની કોર્ટમાં, મું, સાવરકુંડલા//-**

દિ.પ.અ.નં.૧૩/૨૦૨૬
મુ.તા.૧૮/૧૧/૨૦૨૬

અરજદાર:- (૧) સોમુબેન કેશુભાઈ ડુબાણીયા....વિગેરે..?
રહેઃ મણીનગર મહુવા રોડ, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) રણછોડભાઈ કેશુભાઈ ડુબાણીયા....વિગેરે...૪
રહેઃ વિજયાનગર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**:: જાહેર નોટીસ ::**

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અરજદાર સોમુબેન કેશુભાઈ ડુબાણીયા વિગેરે ૧.રહે સાવરકુંડલા વાળા અત્રેની કોર્ટમાં ધી ઈન્ડિયન સકસેશન એકટની કલમ -૩૭૨ મુજબ અરજી દાખલ કરી જણાવેલ છે કે, સ્વર્ગસ્થ કેશુભાઈ મોહનભાઈ ડુબાણીયાના નામે ચાલતી ખાતા નં.૩૪ જેના સર્વે નં.૫૧ હે.આર.ચો.મી. ૫-૪૫-૩૨ છે જેની નોંધ ગામ નમુના નં.૬ હકપત્રકમાં તારીખ ૪/૦૫/૧૯૯૬ના રોજ નોંધ નં.૩૫૮ થી વારસાઈ નોંધ નોંધાયેલ છે. ત્યારબાદ તારીખ ૦૪/૦૫/૧૯૯૬થી વેચણી થયા અંગેની નોંધ નં.૩૫૯ થી નોંધાયેલ છે. જેમાં કેશુભાઈ મોહનભાઈ ડુબાણીયાના ભાગે ખાતા નં.૩૪ જેના સર્વે નં.૫૧ હે.આર.ચો.મી ૫-૪૫-૩૨ આવેલ છે. જેમાં વારસાઈ નોંધ કરાવવા માટે વારસાઈ નોંધના કામે ગુજરનારના વારસદારો અંગેનુ વારસાઈ સર્ટીફિકેટ મેળવવા માટે અત્રેની અદાલતમાં હાલની અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ તા.૧૮/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કોર્ટ સમક્ષ હાજર રહેવું. ગેરહાજર રહયેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તારીખ : ૨૧ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| સહી, | | સહી, | સહી, |
| (કે.એમ.મુંજપરા) | | (એસ.કે.જાડેજા) | (એમ.એન.મકવાણા) |
| આસીસ્ટન્ટ | | શીરસ્તેદાર | રજીસ્ટ્રાર |
| પ્રિન્સી.સિનિ.સિવિલ કોર્ટ, સાવરકુંડલા. | | પ્રિન્સી.સિનિ.સિવિલ કોર્ટ, સાવરકુંડલા. | પ્રિન્સી.સિનિ.સિવિલ કોર્ટ, સાવરકુંડલા. |

# રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે વરસડા-નાના માચિયાળા માર્ગના રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત કરાયું

અમરેલી,તા.૨૫



અમરેલી વિધાનસભા ક્ષેત્રના વરસડા ગામે ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે રૂ. ૫.૯૩ કરોડના ખર્ચે ૮.૨ કિલોમીટર લાંબા વરસડા-નાના માચિયાળા માર્ગના રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમથી ગ્રામ્ય વિસ્તારની માર્ગ સુવિધાઓ વધુ સુદૃઢ બનશે.આ માર્ગથી બંને ગામો વચ્ચેની અવરજવર સરળ બનશે અને સ્થાનિક નાગરિકો, ખેડૂતો તથા વાહનચાલકોને લાભ થશે. કૃષિ સહિતની આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.મંત્રીએ જણાવ્યું કે ગામડાં સુધી વિકાસની સુવિધાઓ પહોંચે અને લોકોની અવરજવર સરળ બને એ સરકારની પ્રાથમિકતા છે. કાળુભાઈ રાઠોડ, વનરાજભાઈ કોઠીવાળ, રણજીતભાઈ વાળા સહિતના અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લાના ખેડૂતોની હાલોલ ખાતે પ્રાકૃતિક ખેતી અંગે મુલાકાત યોજાઈ

અમરેલી,તા.૨૫



ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી તથા ફ્રેન્ડ્સ ઓફ વિમેન વર્લ્ડ બેંકિંગ (FWWB)ના સંયુક્ત ઉપક્રમે અમરેલી જિલ્લાના ખેડૂતો માટે એક દિવસીય અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. હડાળા, ડેરી પીપરીયા, સનાળા, માયાપાદર, ચિત્તલ, લુણીધાર,નાના આંકડિયા અને ખારી ખીજડિયા સહિતનાં ગામોના ૨૪ મહિલા અને ૧૧ પુરુષ મળી કુલ ૩૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. કુલપતિ ડૉ. સી. કે. ટિમ્બડિયાએ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવી સ્થાનિક સંસાધનોના મહત્તમ ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સંશોધન નિયામક ડૉ. જી. ડી. વાડોદરિયાના માર્ગદર્શન હેઠળ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડેલોની મુલાકાત લીધી હતી, તેમજ FPO અને FPC વિષય પર વ્યાખ્યાન પણ યોજાયું હતું. આ મુલાકાતનો હેતુ ખેડૂતોમાં વૈજ્ઞાનિક સમજ વિકસાવવાનો તથા તેમની ક્ષમતા વૃદ્ધિ કરવાનો હતો.

# સા.કુંડલામાં મહેશ કસવાળાના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ



**શ્રમિક પરિવારોને પૌષ્ટિક અને સસ્તું ભોજન ઉપલબ્ધ કરાવવાના હેતુથી યોજનાનો પ્રારંભ**

સાવરકુંડલા,તા.૨૫

શ્રમિક પરિવારોને પૌષ્ટિક અને સસ્તું ભોજન ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુ સાથે ગુજરાતભરમાં શરૂ કરવામાં આવેલી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો સાવરકુંડલાના દરબારગઢ ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે આ યોજનાનો પ્રારંભ થયો હતો. શ્રમિક વર્ગ સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેમને પોષણયુક્ત ભોજન સરળતાથી અને પોસાય તેવા દરે મળી રહે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. યોજનાથી શ્રમિક પરિવારોને રાહત મળે અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તેવો ઉદ્દેશ છે.કાર્યક્રમમાં સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ, ભારતીય જનતા પાર્ટીની ટીમના સભ્યો, નગરના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની હાજરીમાં યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શ્રમિકોના કલ્યાણ અને પૌષ્ટિક ભોજનના લાભની દિશામાં આ યોજના ઉપયોગી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમ દ્વારા શ્રમિકોના હિત અને કલ્યાણને પ્રાધાન્ય આપવાનો સંદેશ અપાયો હતો.

# લાઠી તાલુકાના ભાલવાવ ગામે તસ્કરો ઘરવખરીની ચીજો પણ ઉઠાવી ગયા

**તસ્કરો ઘરવખરીની ચીજો ઉઠાવી ગયા**

લાઠી, તા. ૨૫

લાઠીના ભાલવાવ ગામે વાસણોની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. તસ્કરો ઘરવખરીની ચીજો ઉઠાવી ગયા હતા. બનાવ અંગે હાલ સુરતના મોટા વરાછામાં રહેતા અને મૂળ ભાલવાવ ગામના વશરામભાઈ પરશોત્તમભાઈ ભલાણી (ઉં.વ.૬૫)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમોએ તેમના રહેણાંક મકાનમાં અનધિકૃત પ્રવેશ કરી મકાનના રૂમનું તાળું અને કબાટનો દરવાજો તોડી નાખ્યા હતા. ત્યારબાદ કબાટમાંથી કાંસાની તાસળી, પિત્તળનો વાટકો, પિત્તળની બોઘરી, પિત્તળની બરણી, પિત્તળની તપેલી, પિત્તળની સાણસી, પિત્તળની થાળી, પિત્તળની નાની લોટી અને પંચપાત્ર, પિત્તળના ગોળાની નીચે રાખવાનો કાંઠો તેમજ અનાજ ભરવાની પતરાની પેટીમાંથી એક તાડપત્રી અને ગરમ રજાઈ મળી કુલ રૂ. ૯,૯૪૫ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જ્યારે સાહેદના રહેણાંક મકાનમાંથી ખેતીકામનો વજનકાંટો, હિંડોળાના સ્ટીલના સળિયા, ત્રાંબાનો તાસ, એક ગરમ ચાનો સ્ટીલનો જગ, ત્રાંબાનો હાંડો, મરચાં કાપવાનું પ્લાસ્ટિકનું એક પ્રેસ કટર, એલ્યુમિનિયમના વલોણાની બે રવૈયાં, સ્ટીલની એક સાણસી અને ચા પીવાની પિત્તળની રકાબી મળી કુલ રૂ. ૫,૬૬૦ના મુદ્દામાલની ચોરી થઈ હતી. આમ, બંને મકાનમાંથી મળી કુલ રૂ. ૧૫,૬૦૫ના મુદ્દામાલની ચોરી થઈ હતી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ. એમ. રાધનપરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ચલાલામાં ગાયત્રી સંસ્કારધામ ખાતે ડૉ.અબ્દુલ કલામ જન્મજયંતીની ઉજવણી



ચલાલા,તા.૨૫

ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ સંચાલિત હરિબા કેમ્પસના 'અબ્દુલ કલામ યંગ વુમેન સાયન્સ સેન્ટર' ખાતે ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. રતિદાદા, રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. ચંદ્રમૌલી જોશી, લાલજીભાઈ ખુંટ અને મહેશભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ વિવિધ પાત્રો દ્વારા ડૉ. કલામની જીવનયાત્રા રજૂ કરી હતી. સંસ્થાના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રોજેક્ટ્સનું આકર્ષક પ્રદર્શન પણ યોજ્યું હતું. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક સમજ જોઈને મહેમાનોએ પ્રશંસા વ્યક્ત કરી હતી. તેમણે ડૉ. કલામના જીવન અને વિચારોમાંથી પ્રેરણા લઈ વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધવા વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ તકે ખેલ મહાકુંભમાં દોડ, કબડ્ડી, કરાટે અને ચેસ સહિતની વિવિધ રમતોમાં મેડલ જીતનાર દીકરીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ડાયરેક્ટર શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

# અમરેલી સંકુલ ચોકડી પાસે ક્રેઈને પાછળથી ટક્કર મારતા પુરુષનું મોત

**મૃતક શાકભાજીની લારી ચલાવતો હતો**

અમરેલી,તા.૨૫

અમરેલીમાં માતેલા સાંઢની જેમ દોડતી ક્રેઈને શાકભાજીની લારી ચલાવતા પુરુષનો ભોગ લીધો હતો. બનાવ સંદર્ભે જાનુબેન કરસનભાઈ છૈયા (ઉં.વ. ૬૦)એ ક્રેઈન નંબર GJ-૧૪-AG-૪૬૪૪ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના પતિ પોતાની શાકભાજીની લારી લઈને જતા હતા, ત્યારે અમરેલી સંકુલ ચોકડી પાસે પહોંચતાં પાછળથી આવેલા ક્રેઈન ચાલકે તેમના પર ક્રેઈન ચડાવી દીધી હતી. જેમાં ગંભીર ઈજા થતાં તેમના પતિનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. જે. બી. ત્રિવેદી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પૂનમ
તા.૨૬-૧૦-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૯,
સૂર્યાસ્ત-૦૫:૪૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

**તા.૨૬-૧૦-૨૦૨૬ સોમવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

# બગસરામાં પોલીસ પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

બગસરા,તા.૨૫



બગસરામાં પોલીસ પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં પોલીસ સ્ટાફના સભ્યોએ ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે અને માનવજીવન બચાવવામાં મદદરૂપ થઈ શકાય તેવા હેતુથી આ પહેલ હાથ ધરવામાં આવી હતી. પોલીસ પરિવારની આ સેવાકીય પ્રવૃત્તિથી સમાજમાં માનવતા, સહયોગ અને રક્તદાન પ્રત્યે જાગૃતિનો સંદેશ ફેલાયો હતો.

# ચાવંડ ગામેથી ૨૭ લિટર દેશી દારૂ પકડાયો

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે પાંચ સ્થળોએ દરોડા પાડીને દેશી દારૂ જપ્ત કર્યો હતો; જેમાં ચાવંડ ગામેથી ૨૭ લિટર દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય અન્ય ચાર સ્થળોએથી કુલ ૮ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૧૨ લોકો કેફી પીણું પીધેલી (નશાની) હાલતમાં રખડતા-ફરતા મળી આવ્યા હતા.

# બંધ દુકાનોના તાળા ફંફોળતો ગોવિંદપુર ગામનો યુવક ઝડપાયો

ધારી,તા.૨૫

ધારીના ગોવિંદપુર ગામનો એક યુવક બંધ દુકાનોના તાળા ફંફોળતો ઝડપાયો હતો. ગોવિંદપુર ગામનો રમેશભાઈ બાલાભાઈ ચારોલા (ઉ.વ.૪૦) રાત્રિના સમયે કોઈ મિલકત સંબંધિત ગુનો કરવાના ઈરાદાથી રખડતો-ભટકતો, બંધ દુકાનોના તાળા ફંફોળતો અને પોતાની હાજરી છુપાવવાની કોશિશ કરતો પકડાયો હતો.

# સાવરકુંડલામાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૫

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા તેમજ દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી કિરણભાઈ લકુમના માર્ગદર્શન હેઠળ, 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત સાવરકુંડલા તાલુકા બ્લોક હેલ્થ ઓફિસ ખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. (PNDT) એક્ટ અંગે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મહિડાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ઉપસ્થિત આશા વર્કરો તથા ફિમેલ હેલ્થ વર્કર બહેનોને સ્ત્રીભ્રૂણ હત્યા જેવી સામાજિક બદીને અટકાવવા, ગર્ભાધાન પૂર્વે અને પ્રસૂતિ પૂર્વે લિંગ પસંદગી તથા લિંગ નિર્ધારણ પર પ્રતિબંધ મુકતા કાયદાની કડક જોગવાઈઓ અને દીકરીઓના જન્મ પ્રત્યે સમાજમાં સકારાત્મક જાગૃતિ લાવવા અંગે ગહન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિવિધ વિભાગના નિષ્ણાતો દ્વારા મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.સેન્ટર એડમિન રત્નાબેને મહિલાઓને કટોકટીના સમયે મળતી સહાય અને સેન્ટરની કામગીરી વિશે વિગતે માહિતી આપી હતી.

# સોનારીયામાં ભવાની માતાજીના મંદિરે પરંપરા મુજબ વાર્ષિક હવન યોજાયો

અમરેલી,તા.૨૫



સોનારીયા ખાતે રઘુવંશી પાંધી પરિવારનાં કુળદેવી ભવાની માતાજીના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ વાર્ષિક હવન યોજાયો હતો. દશેરાના પવિત્ર દિવસે યોજાયેલા આ ધાર્મિક પ્રસંગે પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીના શાસ્ત્રી વિજયભાઈ જોષી અને તેમના સહપાઠીઓએ શાસ્ત્રોક્ત વિધિથી હવન કરાવ્યો હતો. બપોરે બે વાગ્યે બીડું હોમવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આયોજનને સફળ બનાવવા ગીરધરભાઈ અને બળવંતભાઈએ જહેમત ઉઠાવી હતી.

## તંત્રી લેખ

# ભારત માટે ઐતિહાસિક ક્ષણ

વિશ્વના પ્રતિષ્ઠિત વિજ્ઞાન સન્માનોમાં સ્થાન ધરાવતો ઓસ્કાર ક્લેન મેડલ વર્ષ ૨૦૨૬ માટે ભારતના ખ્યાતનામ સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી પ્રો. અશોક સેનને એનાયત થયો છે. આ સન્માન મેળવનારા તેઓ પ્રથમ ભારતીય બનીને ઈતિહાસ રચ્યો છે. બેંગ્લુરુ સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સીસ (ICTS) સાથે જોડાયેલા પ્રો. સેનને આ મેડલ સ્ટ્રિંગ થિયરીમાં તેમના અસાધારણ યોગદાન માટે આપવામાં આવ્યો છે. આ સમાચારથી માત્ર વૈજ્ઞાનિક સમુદાય જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ગર્વની લાગણી ફેલાઈ છે.

ઓસ્કાર ક્લેન મેડલનું વૈશ્વિક મહત્વ અનેક ગણું વધારે છે.આ મેડલ દર વર્ષે સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટી અને નોબેલ કમિટી ફોર ફિઝિક્સ દ્વારા આપવામાં આવે છે. આ પહેલા સ્ટીફન હોકિંગ, પીટર હિગ્સ સહિત અનેક નોબેલ વિજેતા વૈજ્ઞાનિકો આ ચંદ્રકથી સન્માનિત થઈ ચૂક્યા છે. આ સન્માનની યાદીમાં ભારતીય નામનો ઉમેરો એ ભારતીય વિજ્ઞાન જગત માટે ગૌરવની વાત છે. આ એવોર્ડ માત્ર વ્યક્તિગત સન્માન નથી, પરંતુ એ વાતનો પુરાવો છે કે ભારતમાં થઈ રહેલું મૂળભૂત વિજ્ઞાનનું સંશોધન હવે વિશ્વ કક્ષાએ પહોંચ્યું છે અને તેને વૈશ્વિક માન્યતા મળી રહી છે.

સન્માન સમારોહ દરમિયાન પ્રો. સેને સ્ટોકહોમ યુનિવર્સિટીમાં 'ગ્રેવિટી ફ્રોમ સ્ટ્રિંગ્સ એન્ડ સ્ટ્રિંગ્સ ફ્રોમ ગ્રેવિટી' વિષય પર વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. તેમનું આ લેક્ચર ગુરુત્વાકર્ષણ અને સ્ટ્રિંગ વચ્ચેના ગહન સંબંધને સરળતાથી સમજાવતું હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. તેમણે સમજાવ્યું કે કેવી રીતે સૂક્ષ્મ સ્તરે કંપન પામતા તારોમાંથી વિશાળ બ્રહ્માંડનું ગુરુત્વાકર્ષણ બળ ઉત્પન્ન થાય છે, જે સાંભળનારાઓ માટે એક નવો દ્રષ્ટિકોણ હતો.

હાલમાં પ્રો. સેન ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR) ના ICTS, બેંગ્લુરુમાં ICTS-ઈન્ફોસિસ માધવ ચેર પ્રોફેસર તરીકે કાર્યરત છે. થોડા મહિના પહેલા જ આ જ સંસ્થાના અન્ય વિજ્ઞાની પ્રો. દીપક ધરને પ્રતિષ્ઠિત ડિરાક મેડલ મળ્યો હતો. ત્યારબાદ સેનને આ સન્માન મળતા ICTSની વૈશ્વિક પ્રતિષ્ઠામાં વધુ વધારો થયો છે. આ ઘટના દર્શાવે છે કે જો સંસ્થાઓને યોગ્ય સ્વતંત્રતા અને સુવિધા આપવામાં આવે તો ભારતમાંથી પણ વિશ્વ કક્ષાનું સંશોધન શક્ય છે.

# 'કોઈ પણ દેશ માટે તેની સરહદોની સુરક્ષા અને આંતરિક સુરક્ષા એ ચિંતાનો પ્રથમ વિષય છે' : પુષ્પ-૩૯

**વિચારપૂંજ**
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

ઈ.સ. ૨૦૧૮ ના વિજયાદશમીના ઉત્સવમાં શ્રી મોહનજી ભાગવતે કહ્યું કે, 'કોઈ પણ દેશ માટે તેની સરહદોની સુરક્ષા અને આંતરિક સુરક્ષા એ ચિંતાનો પ્રથમ વિષય છે કારણ કે જ્યારે આ સારી સ્થિતિમાં હોય છે ત્યારે જ દેશની સમૃદ્ધિ અને વિકાસ માટે કામ કરવાનો સમય અને તક મળે છે. આંતરરાષ્ટ્રીય સંબંધોની ગૂંચવણોને યોગ્ય રીતે સમજીને અને તેમને આપણા દેશની સુરક્ષા ચિંતાથી વાકેફ કરીને અને તેમનો સહયોગ અને સમર્થન મેળવવાનો આ પણ એક સફળ પ્રયાસ રહ્યો છે. પડોશી દેશો સહિત તમામ દેશો સાથે શાંતિપૂર્ણ અને સોહાર્દપૂર્ણ સંબંધોને પ્રોત્સાહન આપવાની આપણી ઈચ્છા, શબ્દો અને કાર્યોને જાળવી રાખીને દેશની સુરક્ષાના સંદર્ભમાં જ્યાં જરૂર હોય ત્યાં મક્કમ અને દ્રઢ રહીને અને હિંમતવાન પહેલ કરીને, આપણી શક્તિઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને, સેના સરકાર અને વહીવટી તંત્રે સ્પષ્ટપણે પોતાનો પક્ષ રજૂ કર્યો છે. આ દ્રષ્ટિકોણથી આપણા સૈન્ય અને સંરક્ષણ દળોની નીતિગત ધીરજ વધારવા, તેમને સંસાધનોથી સજ્જ કરવા, તેમને નવી ટેકનોલોજી પૂરી પાડવા વગેરેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને તેમની ગતિ વધી રહી છે. વિશ્વના દેશોમાં ભારતની વધતી જતી પ્રતિષ્ઠાનું આ પણ એક કારણ છે. તે જ સમયે સુરક્ષા દળો, સંરક્ષણ દળો અને તેમના પરિવારોના કલ્યાણ પર ધ્યાન વધારવું જરૂરી છે. આ દિશામાં સરકાર દ્વારા કેટલાક સારા પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમના અમલીકરણની ગતિ કેવી રીતે વધારી શકાય તે ધ્યાનમાં લેવું જરૂરી છે. વહીવટી રીતે એ જરૂરી છે કે આ યોજનાઓ પર લશ્કરી અધિકારીઓ અને નાગરિક વહીવટી અધિકારીઓ, ગૃહ મંત્રાલય, સુરક્ષા મંત્રાલય, નાણા મંત્રાલય વગેરે જેવા અનેક વિભાગો દ્વારા વિચારણા કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે. ચર્ચામાં સ્વાભાવિક રીતે એવી અપેક્ષા સાંભળવા મળે છે કે આ વિભાગોના બધા લોકોને આ દળોના કાર્ય પ્રત્યે સમાન આદર અને સહાનુભૂતિ હોવા જોઈએ અને તે કાર્ય માટે પોતાનો જીવ જોખમમાં મૂકવાની તેમની તૈયારી હોવી જોઈએ. આ અપેક્ષા સરકાર અને વહીવટી તંત્ર પાસેથી જેટલી છે તેટલી જ સમાજ પાસેથી પણ છે. દેશના દરેક નાગરિકે આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. સરહદ પાર અને જરૂરિયાત મુજબ દેશની અંદર સમાજની સુરક્ષા માટે લડતા આપણા બંદૂઓ તેમના પરિવારોની સુખાકારી અને સુરક્ષાની ચિંતા કર્યા વિના પોતાનું કાર્ય કરી શકે તે જરૂરી છે. તાજેતરમાં પશ્ચિમ સરહદ પાર દેશમાં સત્તા પરિવર્તન સાથે એવી કોઈ અપેક્ષા નહોતી કે આપણી સરહદ પર અને પંજાબ, જમ્મુ અને કાશ્મીર જેવા રાજ્યોમાં તેની ખુલ્લેઆમ કે છુપી ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓમાં કોઈ ઘટાડો થશે અને એવું થયું પણ નથી.

આંતરરાષ્ટ્રીય ઘટનાઓના સંદર્ભમાં દરિયાઈ સરહદોની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો બની ગયો છે. ભારતમાં સેકડો ટાપુઓ છે, જે દરિયાઈ વિસ્તારમાં મુખ્ય ભૂમિથી અલગ અલગ અંતરે સ્થિત છે. અંદામાન અને નિકોબાર ટાપુઓ સહિત આ બધા ટાપુઓ વ્યુહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થળોએ સ્થિત છે. તેમની દેખરેખ પ્રણાલી અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવી એ એક એવી બાબત છે કે જેના પર ધ્યાન આપવાની અને તેને ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવાની જરૂર છે. નૌકાદળ અને દરિયાઈ સરહદો અને ટાપુઓની સંભાળ રાખતા અન્ય દડો વચ્ચે પરસ્પર સંકલન, સહયોગ અને સાધન સંપત્તિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની તાત્કાલિક જરૂર છે. જમીન અને દરિયાઈ સરહદી વિસ્તારોમાં રહેતા આપણા બંધુઓ ઘણી સરહદ-વિશિષ્ટ પરિસ્થિતિઓનો સામનો કરવા છતાં ધીરજ રાખી રહ્યા છે. જો ત્યાં તેમની વ્યવસ્થા સારી હશે તો તે આતંકવાદી,



ઘૂસણખોરી, દાણચોરી વગેરે જેવી સમસ્યાઓ ઘટાડવામાં પણ મદદરૂપ થઈ શકે છે. તેમને સમય-સમય પર યોગ્ય રાહત મળવી જોઈએ. રોજગાર, શિક્ષણ, આરોગ્ય વગેરેની વ્યવસ્થા તેમના સુધી પહોંચવી જોઈએ અને તેમનામાં હિંમત, સંસ્કૃતિ અને દેશભક્તિ અકબંધ હોવી જોઈએ. આ માટે સરકાર અને સમાજ બંનેના પ્રયાસો વધારવાની જરૂર છે.

દેશની સરહદોની સુરક્ષાની સાથે દેશની આંતરિક સુરક્ષાનું મુદ્દો પણ એટલો જ મહત્વપૂર્ણ છે. તેના પગલાનું એક પાસું એ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો અને વહીવટી તંત્ર દેશની અંદર કે બહારથી પ્રેરિત અથવા મોકલાયેલા જૂથો અને કાયદા, બંધારણ અને દેશના સાર્વભૌમત્વને પડકારતી હિંસક પ્રવૃત્તિઓ ચલાવતા જૂથો સામે કડક કાર્યવાહી કરે. આમાં કેન્દ્ર, રાજ્ય સરકારો પોલીસ અને અર્ધલશ્કરી દળોની કાર્યવાહી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવવી જોઈએ. તેમણે સતત તકેદારી સાથે તેને ચાલુ રાખવી પડશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જે લોકો આવી હિંસક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેઓ આપણા જ સમાજમાંથી હોય છે. તેના મૂળમાં આપણા સમાજમાં અજ્ઞાન, વિકાસ અને સુવિધાઓનો અભાવ, બેરોજગારી, અન્યાય, શોષણ, આસમાન વર્તન તથા સ્વતંત્ર દેશ માટે જરૂરી વિવેક અને સંવેદનશીલતાનો ભારે અભાવ છે. તેને દૂર કરવામાં સરકાર અને વહીવટી તંત્રની ચોક્કસપણે ભૂમિકા છે. પરંતુ સમાજની ભૂમિકા તેનાથી મોટી છે. સમાજમાં રહેલી આ બધી ખામીઓને દૂર કરીને અને આ ખામીઓનો ભોગ બનેલા આપણા બંધુઓને પ્રેમ અને આદરથી સ્વીકારીને આપણે સમાજમાં સુમેળભર્યા અને સૌહાર્દપૂર્ણ વર્તનને પ્રોત્સાહન આપવું પડશે. સામાજિક જીવનનું આ શુદ્ધિકરણ સૌપ્રથમ પોતાના મન અને આચરણના શુદ્ધિકરણથી શરૂ થવું જોઈએ. આપણે સમાજના તમામ વર્ગો સાથે સૌહાર્દપૂર્ણ અને દૈનિક સંપર્ક સ્થાપિત કરવો પડશે અને તેમના સુખ-દુ:ખમાં ભાગીદારી કરવી પડશે. આવી યુક્તિઓ પાછળ આગામી ચૂંટણીઓમાં મતો પર નજર રાખીને સ્વાર્થી, સત્તાભૂખ્યા, રાજકારણ અને સામાજિક એકતા, કાયદો અને બંધારણીય શિસ્ત વગેરે પ્રત્યે સંપૂર્ણ અવગણના

સ્પષ્ટપણે દેખાઈ રહી છે. પરંતુ આ વખતે આ બધા કારણો દ્વારા સમાજમાં મૂંઝવણ, અલગતા, હિંસા, અત્યંત ઝેરી નફરત અને રાષ્ટ્રવિરોધી ભાવનાનું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ઘટનાઓમાં 'ભારત તેરે ટુકડે હોંગે' જેવા નારા લગાવતા જૂથોના કેટલાક અગ્રણી ચહેરાઓ તેમના ઉશ્કેરણીજનક ભાષણોથી મુખ્ય રીતે ઊભરી આવ્યા. જંગલ વિસ્તારો અથવા અન્ય દુરના પ્રદેશોમાં મજબૂત રીતે દબાયેલી હિંસક પ્રવૃત્તિઓના ગુનેગારો અને સમર્થકો હવે શહેરી નકસલવાદના પ્રણેતા બની ગયા છે અને આવા આંદોલનોમાં મોખરે જોવા મળે છે. પ્રથમ ઘણા નાના સંગઠનોનું નેટવર્ક ફેલાવીને અને છાત્રાલયો વગેરેમાં સતત સંપર્ક દ્વારા વૈચારિક અનુયાયીઓનો એક વર્ગ બનાવવામાં આવે છે. પછી નાના અને મોટા આંદોલનોમાં ઉગ્ર અને હિંસક ક્રિયાઓને સામેલ કરીને, અરાજકતાનો અનુભવ આપીને, તે અનુયાયીઓમાં વહીવટ અને કાયદાનો ડર તથા નાગરિક શિસ્તનો ડર સમાપ્ત કરવામાં આવે છે. બીજી બાજુ સમાજના લોકોમાં અને સ્થાપિત વ્યવસ્થા અને નેતૃત્વ પ્રત્યે તિરસ્કાર અને નફરત પેદા થાય છે. એવી ઘટનાઓ જે અચાનક હિંસક સ્વરૂપ ધારણ કરે છે તેના દ્વારા સમાજના તમામ વર્ગોમાં સ્થાપિત વિચારોનું નેતૃત્વ, જે સામાજિક વ્યવસ્થાના શિસ્ત અને નાગરિક વર્તનની શિષ્ટાચારથી લગભગ બંધાયેલા છે, તે અચાનક નાશ પામે છે. નક્સલવાદી નેતૃત્વ સાથે જોડાયેલું એક નવું અજાણ્યું, અનિયંત્રિત, આંધળું અનુયાયી અને ખુલ્લેઆમ પક્ષપાતી નેતૃત્વ સ્થાપિત કરવું એ આ શહેરી માઓવાદીઓની વામપંથી કાર્ય પધ્ધતિ છે. આવી ઘટનાઓ સોશિયલ મીડિયા, અન્ય માધ્યમો અને બૌદ્ધિકો તથા અન્ય સંસ્થાઓમાં પહેલાથી જ સ્થાપિત લોકો દ્વારા તેમનાથી સંબંધિત ભ્રામક પ્રચાર અભિયાનમાં બૌદ્ધિક અને અન્ય તમામ પ્રકારના સમર્થન વગેરેમાં, સલામત અંતરે અને કહેવાતી કૃત્રિમ પ્રતિષ્ઠા કવચ સાથે જોડાયેલ હોય છે. તેઓ પોતાના પ્રચારને વધુ અસરકારક બનાવવા માટે જૂઠાણા અને ઝેરી ભડકાઉ ભાષાનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ મુક્તપણે જાણે છે.

દેશના દુશ્મનની મદદ લઈને રાજદ્રોહ કરવો એ એક વધારાનું કૌશલ્ય માનવામાં આવે છે. જો આપણે સોશિયલ મીડિયાની સામગ્રી અને વર્ણનના મૂળની તપાસ કરીએ તો હકીકત પ્રકાશમાં આવે છે. આ બધી ઘટનાઓમાં ક્યાંકને ક્યાંક જેહાદીઓ અને અન્ય કટ્ટરપંથી વ્યક્તિઓની હાજરી સામાન્ય બાબત છે. તેથી આ સમગ્ર ઘટનાક્રમ ફક્ત સત્તા મેળવવા માટે વિપક્ષનું રાજકારણ નથી, પરંતુ દેશી અને વિદેશી ભારતવિરોધી શક્તિઓ સાથે મળીને ચાલાકીપૂર્વક આચરવામાં આવી રહેલું એક મોટું કાવતરું છે. જેમાં રાજકીય રીતે મહત્વકાંક્ષી વ્યક્તિ કે જૂથ જાણી જોઈને કે અજાણતા ગરીબી અને ઉપેક્ષા હેઠળ પીડાતા સમાજના નબળા વર્ગને દારૂગોળો તરીકે ઉપયોગ કરવા માટે ખેંચી રહ્યું છે એ નિષ્કર્ષ પર આવવું પડશે. ઝેરી અને દ્વેષપૂર્ણ વાતાવરણ બનાવીને એક મનોવૈજ્ઞાનિક યુધ્ધ સર્જાઈ રહ્યું છે જે દેશની આંતરિક સુરક્ષાનો મુખ્ય આધાર છે એવા સમાજના સુમેળને નષ્ટ કરે છે, જેને આપણી રાજકીય વિજ્ઞાન પરંપરામાં મંત્ર યુધ્ધ કહેવામાં આવે છે. પરંતુ આ પરિસ્થિતિનો સંપૂર્ણ અને ખાતરીપૂર્વક ઉકેલ ત્યારે જ મળી શકે છે જ્યારે સમાજના તમામ વર્ગોમાં, બુદ્ધિ અને ભાવના સહિત પરસ્પર સદભાવના આચરણમાં હોય. આપણે સંપ્રદાયો, ધર્મ, જાતિઓ, પેટાજાતિઓ, ભાષાઓ, પ્રાંતો વગેરેની વિવિધતાને એકતાના દ્રષ્ટિકોણથી જોવી જોઈએ. કોઈ ચોક્કસ વર્ગની સમસ્યાઓ અને પરિસ્થિતિઓને પોતાની જવાબદારી ગણીને સમગ્ર સમાજે સાથે બેસીને ન્યાય અને સદભાવના સાથે ઉકેલ શોધવો જોઈએ. તેથી તમારા સંપર્કો અને સંબંધો વધારીને એવું વાતાવરણ બનાવો જ્યાં તમારી વચ્ચે સતત ઘનિષ્ઠ વાતચીત થઈ શકે.

# ચૂંટણીમાં હાર કે જીત એક સિક્કાની બે બાજુ

**મનન ચિંતન**
ભરત બાવીશી



હારથી હતાશ થવું નહીં અને જીતથી છકી જવું નહીં!

જીવનમાં દરેક વ્યક્તિને ક્યારેક સફળતા મળે છે તો ક્યારેક નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. સફળતા અને નિષ્ફળતા જીવનના એવા બે પડાવ છે, જે આપણને ઘણું શીખવી જાય છે. ખાસ કરીને ચૂંટણીના મેદાનમાં હાર અને જીત એક સિક્કાની બે બાજુ સમાન છે. અહીં કોઈ એક વ્યક્તિની જીત એ બીજા વ્યક્તિની હાર બની શકે છે, પરંતુ સાચા અર્થમાં ચૂંટણીનું પરિણામ કોઈના વ્યક્તિત્વનું અંતિમ પ્રમાણપત્ર નથી.

ચૂંટણી માત્ર મત મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ લોકોના વિશ્વાસ, સંબંધો, વિચારો અને સેવાભાવની કસોટી પણ છે. ચૂંટણીમાં ઉમેદવાર પોતાની શક્તિ મુજબ પ્રયત્ન કરે છે, મતદારોને મળે છે, પોતાની વાત રજૂ કરે છે અને વિજયની આશા રાખે છે. પરંતુ અંતિમ નિર્ણય મતદારોના હાથમાં હોય છે. લોકશાહીમાં જનતાનો નિર્ણય સર્વોપરી છે. તેથી પરિણામ જે આવે તેને સહજતાથી સ્વીકારવું એ જ સાચી લોકશાહીનું સૌંદર્ય છે.

જીત એ જવાબદારી છે, જ્યારે હાર એ આત્મમંથનની તક છે.જીતનાર વ્યક્તિએ ક્યારેય એવું ન માનવું જોઈએ કે તેનાથી વધુ સમજદાર કે સક્ષમ કોઈ નથી. જીત એ અહંકાર કરવાનો અવસર નહીં, પરંતુ લોકોના વિશ્વાસને સાર્થક કરવાનો સંકલ્પ છે. જે લોકોએ મત આપ્યા છે તેમનું કામ કરવું એ તો જવાબદારી છે જ, પરંતુ જેમણે મત નથી આપ્યા તેમનાં હિતોનું ધ્યાન રાખવું એ પણ એટલી જ મહત્ત્વની ફરજ છે. સાચો વિજેતા એ નથી જે માત્ર ચૂંટણી જીતે, પરંતુ એ છે જે લોકોનાં દિલ જીતી લે.

બીજી તરફ, હારનાર વ્યક્તિએ પણ નિરાશ થઈને મેદાન છોડી દેવું જોઈએ નહીં. ચૂંટણીમાં હારનો અર્થ એ નથી કે તમારી મહેનત વ્યર્થ ગઈ કે તમારામાં ક્ષમતા નથી. ક્યારેક સંજોગો વિરુધ્ધ હોય છે, ક્યારેક લોકોની પસંદગી અલગ હોય છે અને ક્યારેક આપણી કેટલીક ભૂલો પણ પરિણામને અસર કરે છે. સમજદાર વ્યક્તિ હારમાંથી શીખે છે, પોતાની ખામીઓ સુધારે છે અને વધુ મજબૂત બનીને આગળ વધે છે.

યાદ રાખવું જોઈએ કે ચૂંટણી પૂરી થાય છે, પરંતુ સંબંધો પૂરા ન થવા જોઈએ. ચૂંટણી પહેલાં જે લોકો સાથે હળીમળીને કામ કર્યું હોય, તેમની સાથે પરિણામ પછી પણ સ્નેહ અને સન્માન જળવાઈ રહેવું જોઈએ. વિરોધી ઉમેદવારને દુશ્મન માનવો એ લોકશાહીની ભાવનાની વિરુધ્ધ છે. વિચારો અલગ હોઈ શકે, પસંદગીઓ અલગ હોઈ શકે, પરંતુ હૃદયમાં કડવાશ હોવી જરૂરી નથી.

ખાસ કરીને સહકારી સંસ્થાઓ અને સામાજિક સંગઠનોની ચૂંટણીઓમાં સૌએ યાદ રાખવું જોઈએ કે આપણે એક જ પરિવારના સભ્યો છીએ. ચૂંટણી પહેલાં પક્ષ અને ઉમેદવાર અલગ હોઈ શકે, પરંતુ ચૂંટણી પછી સૌનું લક્ષ્ય સંસ્થાનો વિકાસ અને સભ્યોનું હિત હોવું જોઈએ. વિજેતાએ સૌને સાથે રાખવા જોઈએ અને પરાજિત ઉમેદવારે પણ સંસ્થાના સારા કાર્યમાં સહકાર આપવો જોઈએ. કારણ કે વ્યક્તિ કરતાં સંસ્થા મોટી અને સ્વાર્થ કરતાં સભ્યોનું હિત મહત્વનું છે. જીવનમાં હાર અને જીત કાયમી નથી. આજે જે જીત્યો છે તે કાલે હારી પણ શકે છે અને આજે જે હાર્યો છે તે આવતીકાલે વિજયી પણ બની શકે છે. સમયનું ચક્ર સતત ફરતું રહે છે. તેથી જીતમાં નમ્રતા અને હારમાં ધીરજ જાળવનાર વ્યક્તિ જ સાચા અર્થમાં મહાન બને છે. અંતે એટલું જ કહેવું છે કે ચૂંટણીમાં મળેલી જીત કે હાર કરતાં આપણું વર્તન, આપણા સંસ્કાર અને આપણા સંબંધો વધુ મહત્વના છે. મતની ગણતરીથી વિજેતા નક્કી થાય છે, પરંતુ દિલની ઉદારતાથી વ્યક્તિનું વ્યક્તિત્વ ઓળખાય છે. હાર મળે તો શીખવું, જીત મળે તો ઝૂકવું,સંબંધોની સુવાસથી સૌનાં દિલમાં મહેકવું.કારણ કે ચૂંટણીનો વિજય થોડા સમયનો હોઈ શકે છે, પરંતુ પ્રેમ, વિશ્વાસ અને માનવતા દ્વારા મેળવેલો વિજય જીવનભર યાદ રહે છે.

**નથી સાચી જીત માત્ર સત્તા કે પદ મેળવવામાં,સાચી જીત તો છે સૌનાં દિલમાં સ્થાન બનાવવામાં.કારણ કે ચૂંટણીમાં જીતનારને પદ મળે છે, પરંતુ સૌનાં દિલ જીતનારને સાચું સન્માન મળે છે !**

# દિવાળીના તહેવારોમાં સ્વદેશીનો દિપ પ્રગટાવીએ, કારીગરોના જીવનમાં રોશની લાવીએ

**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા



વોકલ ફોર લોકલના મંત્રને જીવનમાં ઉતારીને આત્મનિર્ભર વ્યક્તિ, આત્મનિર્ભર સમાજ અને આત્મનિર્ભર ભારતના નિર્માણનો સંકલ્પ કરીએ. દેશના પ્રધાનમંત્રી ગૃહ ઉદ્યોગ લઘુ ઉદ્યોગ અને ખૂબ મહત્વ આપી રહ્યા છે તેનું કારણ કારીગરોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે અને લોકોને પરંપરાગત સારી વસ્તુઓ મળે હા.

ભારતીય સંસ્કૃતિમાં દિવાળી માત્ર દીવડાં પ્રગટાવવાનો કે મીઠાઈઓ વહેંચવાનો તહેવાર નથી, પરંતુ અંધકારમાંથી પ્રકાશ તરફ, નિરાશામાંથી આશા તરફ અને મુશ્કેલીઓમાંથી સમૃદ્ધિ તરફ આગળ વધવાનો પવિત્ર અવસર છે. દિવાળીનો સાચો આનંદ ત્યારે જ સાર્થક બને છે, જ્યારે આપણા ઘરમાં પ્રકાશની સાથે કોઈ ગરીબ પરિવારના જીવનમાં પણ ખુશીનો દીપ પ્રગટે. આ દિવાળી ના તહેવારોમાં આપણે એવો સંકલ્પ કરીએ કે આપણા તહેવારોની ખરીદી દ્વારા સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, સ્વસહાય જૂથો અને પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા પરિવારોને સ્વરોજગારીની નવી તકો મળે.

ભારતના ગામડાંઓમાં અનેક એવા કારીગરો છે, જેમના હાથમાં અદભુત કળા છે, પરંતુ તેમની કળાને યોગ્ય બજાર અને પૂરતું મહેનતાણું મળતું નથી. માટીના દીવડા બનાવતા કુંભારો, રંગોળી અને તોરણ બનાવતી બહેનો, હસ્તકલા અને સુશોભનની ચીજવસ્તુઓ બનાવતા કારીગરો, વાંસ અને લાકડાની વસ્તુઓ બનાવતા શ્રમિકો તથા ઘરેથી નાનાં-નાનાં ઉત્પાદનો તૈયાર કરતા સ્વરોજગારી સાથે જોડાયેલા લોકો આપણા અર્થતંત્રના મહત્વના આધારસ્તંભ છે. તેમની મહેનતથી આપણી દિવાળી રંગીન બને છે, પરંતુ ઘણી વખત તેમની દિવાળી આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પસાર થાય છે.

આ પરિસ્થિતિ બદલવાની જવાબદારી માત્ર



સરકારની કે કોઈ એક સંસ્થાની નથી; સમાજના દરેક નાગરિકની છે. સરકાર સખી મંડળો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ ના વેચાણ માટે મેળા નું આયોજન કરે છે. એમાં પણ મુલાકાત લઈને ખરીદી કરવી જોઈએ.

આપણે દિવાળીની ખરીદી કરવા જઈએ ત્યારે વિદેશી કે મોટા બ્રાન્ડની ચીજવસ્તુઓ પાછળ આકર્ષાવાને બદલે આપણા સ્થાનિક કારીગરોએ જાતે બનાવેલી વસ્તુઓને પ્રાથમિકતા આપીએ. માટીના દીવડા, પરંપરાગત ચીજ વસ્તુઓ,હસ્તનિર્મિત તોરણ, ભરત ગુંથણ અને કાપડની વસ્તુઓ, હાથ વણાટની વસ્તુઓ. સખી મંડળો કે ગૃહ ઉદ્યોગ દ્વારા બનાવવામાં આવતા અથાણાઓ, મીઠાઈઓ, મસાલાઓ,માટીની મૂર્તિઓ, ગામડાંઓમાં તૈયાર થતી સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદીએ.

આપણી એક નાનકડી ખરીદી કોઈ કારીગરના ઘરમાં આખા દિવસનું ભોજન લાવી શકે છે. આપણી એક પસંદગી કોઈ બહેનને પોતાના પગ પર ઊભા રહેવાની પ્રેરણા આપી શકે છે. આપણી એક પહેલ કોઈ યુવાનને નોકરી શોધવાને બદલે પોતાનો વ્યવસાય શરૂ કરવાની હિંમત આપી શકે છે.

આથી વોકલ ફોર લોકલ માત્ર એક સૂત્ર નથી, પરંતુ રોજગારી સર્જન, સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા અને દેશની સંપત્તિનો વધુ હિસ્સો દેશના નાગરિકો સુધી પહોંચાડવાની વ્યવહારુ વિચારધારા છે.

આપણે સ્થાનિક કારીગરોને માત્ર તેમની વસ્તુઓ ખરીદીને જ નહીં, પરંતુ તેમની બનાવટને યોગ્ય ભાવ અપાવીને, ગુણવત્તા સુધારવામાં મદદ કરીને અને તેમના ઉત્પાદનોનો પ્રચાર કરીને પણ સહયોગ આપી શકીએ છીએ. ગામડે ગામડે સ્વદેશી બજાર, હસ્તકલા પ્રદર્શન, દિવાળી મેળા અને સ્થાનિક ઉત્પાદનોનાં વેચાણ કેન્દ્રો ઊભાં કરી શકાય. મહિલાઓનાં સ્વસહાય જૂથો, યુવા મંડળો, સહકારી સંસ્થાઓ અને સામાજિક સંગઠનો સાથે મળીને કારીગરોની વસ્તુઓનું વેચાણ વધારી શકાય.

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા, વોટ્સએપ અને ઓનલાઈન વેચાણનાં માધ્યમો દ્વારા ગામડાંના ઉત્પાદનોને શહેરો અને દેશના અન્ય વિસ્તારો સુધી પહોંચાડી શકાય છે. કારીગરો પોતે બનાવેલી વસ્તુઓની ઓળખ, ગુણવત્તા અને કિંમત સાથે સીધા ગ્રાહકો સુધી પહોંચે, તો વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટી શકે અને તેમને તેમની મહેનતનું વધુ યોગ્ય વળતર મળી શકે.

આવી પહેલ દ્વારા ખાસ કરીને મહિલાઓ, ગ્રામીણ યુવાનો અને આર્થિક રીતે નબળા પરિવારો માટે સ્વરોજગારીની નવી તકો ઊભી થઈ શકે છે

આત્મનિર્ભર ભારતનું નિર્માણ ત્યારે જ શક્ય બને, જ્યારે દેશનો નાગરિક પોતાની શક્તિ, કૌશલ્ય અને મહેનત પર વિશ્વાસ રાખે. આત્મનિર્ભરતાનો અર્થ માત્ર વિદેશી વસ્તુઓનો વિકલ્પ ઊભો કરવો નથી, પરંતુ આપણા દેશના કૌશલ્યને ઓળખ આપવી, સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું, રોજગારીની તકો વધારવી અને આર્થિક રીતે સક્ષમ સમાજનું નિર્માણ કરવું પણ છે. જ્યારે કારીગરને કામ મળશે, ત્યારે તેના પરિવારમાં શિક્ષણ અને આરોગ્ય માટે વધુ સગવડ ઊભી થશે. જ્યારે યુવાનને સ્વરોજગાર મળશે, ત્યારે ગામડાંમાંથી મજબૂરીવશ થતું સ્થળાંતર ઘટાડી શકાશે. જ્યારે સ્થાનિક ઉત્પાદન વધશે, ત્યારે ગામડાંની આર્થિક વ્યવસ્થા મજબૂત બનશે. અને જ્યારે દેશના નાગરિકો સ્વદેશી ઉત્પાદનો પર વિશ્વાસ રાખશે, ત્યારે ભારતની ઉત્પાદનક્ષમતા અને ઉદ્યોગસાહસિકતાને નવી દિશા મળશે.

આ દિવાળીએ આપણે માત્ર પોતાના ઘરનો દીવો પ્રગટાવવાનો નથી, પરંતુ કોઈ કારીગરના ઘરમાં રોજગારીનો દીપ પણ પ્રગટાવવાનો છે. આપણા તહેવારોની ખુશીનો લાભ સમાજના અંતિમ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે, એ જ સાચી સામાજિક જવાબદારી છે.

ચાલો, આ દિવાળીએ એક સંકલ્પ કરીએ: સ્થાનિક કારીગરોની બનાવટ ખરીદીશું, સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીશું, નાના વ્યવસાયોને સહકાર આપીશું અને દરેક હાથને કામ મળે તે માટે પ્રયત્ન કરીશું

આપણી ખરીદીમાં સ્વદેશીનો વિચાર, આપણા વ્યવહારમાં કારીગરો પ્રત્યે સન્માન અને આપણા સંકલ્પમાં આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન હોવું જોઈએ.

આવો, વોકલ ફોર લોકલને જનઆંદોલન બનાવીએ, કારીગરોના જીવનમાં સમૃદ્ધિ લાવીએ અને સૌના સહયોગથી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સહભાગી બનીએ. કારણ કે સાચી દિવાળી ત્યારે જ છે, જ્યારે દરેક ઘરમાં પ્રકાશ હોય, દરેક હાથને કામ હોય અને દરેક પરિવારમાં ખુશી હોય.

## :: તિખારો ::

જેના પર હૃદયથી વિશ્વાસ મૂક્યો, જેના માટે નિ:સ્વાર્થ ભાવે બધું જ કર્યું, એ જ જ્યારે દગો દઈને ચાલ્યા જાય છે, ત્યારે દુ:ખ તેના દૂર જવાનું નથી હોતું, પરંતુ પોતાના જ ગણેલા વ્યક્તિના બદલાઈ જવાનું હોય છે. પોતાનો ગણેલ વ્યક્તિ દુશ્મનોને સાથ આપે ત્યારે હારી જવાય છે....બસ આ સમય છે... કોઈ માટે કાયમી નથી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801



# અઠવાડિક ખેતી કાર્યો




આ વર્ષે વરસાદ ઓછો હોવાના કારણે પાણીનો મહત્તમ ઉપયોગ કરવાનો થશે. શક્ય હોય તો ટપક પધ્ધતિ અપનાવવી. અને ખાસ ટૂંકા ગાળાના પાકોનું જ વાવેતર કરવું. પાછળથી પાણી ઘટે તેમ હોય તો બિનપિયત ચણા અથવા અર્ધ શિયાળુ બાજરીનું વાવેતર કરવું.

કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરો,ખનિજ આધારિત ખાતરો,કાર્બનિક ખાતરો અને સૂક્ષ્મ જીવાણુઓ આધારિત ખાતરો વાપર્યા પહેલા જમીનના જૈવિક ગુણધર્મો,ભૌતિક ગુણધર્મો અને રાસાયણિક ગુણધર્મો ને અને પાકની જુદી જુદી અવસ્થાઓ મુજબ વિજ્ઞાનને સમજીને વ્યવસ્થાપન કરવામાં આવે તો વધુ ફાયદાઓ થાય જેથી ઉત્પાદન વધુ મળે અને સાથોસાથ જમીનની જીવંતતા ટકી રહે અથવા સુધરતી દરેક સીઝન પછી સીઝન જોવા મળે.

**જીરૂઃ** ● જીરૂનું વાવેતર નવેમ્બરના પહેલા અઠવાડિયામાં કરવું.

● જીરૂમાં ટપક પધ્ધતિ અપનાવો તેમજ ૩૦+૨૫+૧૫ હે આપો.

● વાવતેર માટે ગુજરાત જીરૂ-૨,૩ અને ૪ પૈકી એક જાતની વાવણી કરવી.

● બીજનો દર ૧૨ થી ૧૬ કિ.ગ્રા./હે. રાખવો અને વાવેતર વખતે ૪૩ કિ.ગ્રા. ડીએપી અને ૨૦ કિ.ગ્રા. યુરીયા આપવું.

● બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયામાં સુકવી ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ થાયરામનો પટ આપવો.

**ચણા** : ● ચણામાં ૨૦+૨૦+૦+૧૩ વીઘે ૧૫ કિલો આપવું. તેમાં ૧૩ કિલો સલ્ફર હોય છે તેમાં સિંગલ સુપર ફોસ્ફેટ તેમાં સલ્ફર અને કેલ્સિયમ વધારાનું મળી રહે છે તે વીઘે ૨૦ કિલો તેને પાયામાં મિક્સ કરી આપવું અથવા ૧૨-૩૨-૧૬ વીઘે ૨૦ કિલો સાથે સલ્ફર ૫ કિલો આપવું પાયામાં.

● પ્રાકૃતીક ખેતીમાં જીવામૃત બે થી ત્રણ વાર આપવું , ઘન જીવામૃત અને બીજામૃત નો ઉપયોગ કરવો.

● જૈવિક ખાતરો રાઈઝોબીયમ અને પીએસપી અને સલ્ફરના બેક્ટેરિયા આપવા.

● મૂળના વિકાસમાં મીકોરાઈઝા પાયામાં આપવું

● ઊંડી ખેદ કરીને વાવેતર કરવું.

● ઊંડા મૂળ વાળો પાક છે .

**ઘઉં:** ● વાવેતર વખતે ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન, ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ અને ૬૦ કિ.ગ્રા. પોટાશ પ્રતિ હેક્ટર પ્રમાણે આપવું.

● ઘઉંના ૧ કિલોગ્રામ બીજને ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમ દવાનો પટ આપી વાવેતર કરવું.

● નિંદામણ વધું થતું હોય તો પેન્ડીમેથેલીન (સ્ટોમ ) ઉગતા પહેલા છંટકાવ કરવો.

● ઘઉંમાં ૫૦ કિલોગ્રામ પોટાશ તેમજ ૨૫ કિલોગ્રામ જીંક સલ્ફેટ આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે. જમીન ભાસ્મિક હોય તો ૧ ટન હેક્કટરે જીપ્સમ આપવું.

● **ઘઉંના પાકનું વાવેતર** : બીજાને માવજત માટે ઉધય થતી હોય તો ૧૦૦ કિલો બીજામાં બૈફીથીન ૧૦ ઈસી ૨૦૦ એમ એલ અથવા ફીપ્રોનીલ ૫ એસ સી ૫ લીટર પાણીમાં નાખી પટ્ટ આપી દેવો.આ ક્રિયા રાત્રે કરી લેવી રાત્રે સુકાવા દેવી.

બીજો પટ્ટ જૈવીક ખાતરોનો તેમાં એઝોટોબેક્ટર અને પીએસબી કલ્ચર ૧ કિલો દીઠ ૨૫-૨૫ એમ એલ આપવું.

● મોડી વાવેતર માટે બીજાનો દર ૧૫૦ કિલો/હે રાખવો.

**ઉધઈનું સંકલિત નિયંત્રણ** : ઉધઈને બરાબર કાબુમાં લેવા માટે તેનો રાફડો શોધી તેને તોડીને , મધ્ય ભાગમાં રોયલ ચેમ્બરમાં રહેલ રાણી અને ભવિષ્યમાં પ્રજનન કરનાર જાતનો નાશ કરવો જોઈએ, રાફડામાં રાણી હયાત હોય ત્યા સુધી ઉધઈનું ઉત્પાદન ચાલુ જ રહે છે. રેતાળ તથા ગોરાડુ જમીનમાં ઉધઈ જમીનની અંદર ઊંડે રાફડા બાંધે છે. રાફડો શોધી તેને ખોદી તેનો નાશ કરવાની કામગીરી સામુહિક ધોરણે કરવી જોઈએ. રાફડો ખોદતા રાણી ન મળે તો રાફડામાં કાણા પાડી કાર્બન ડાય સલ્ફેટ, મિથાઈલ બ્રોમાઈડ જેવા વાયુરૂપી ઝેર ઊંડે સુધી દાખલ કરી બરાબર બંધ કરી દેવાથી ઝેરી વાયુ આખા રાફડામાં ફેલાઈને તમામ ઉધઈનો નાશ કરે છે.

આ સિવાય રાફડાને તોડીને રાણીનો નાશ કરવા રાફડાના કદ મુજબ કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા પાણીમાં ભેળવી રાફડામાં આ પ્રવાહી મિશ્રણ નાખી માટી વાળી દેવી.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**રાઈઃ** ● પાન વાળનાર ઈયળ માટે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૨૫ મિ.લી. અથવા ક્વીનાંલફોસ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ જીવાતનો ઉપદ્રવ શરૂ થયેથી સાત દિવસના અંતરે કરવો.

**સૂર્યમુખીઃ** ● વાવેતર બાદ ૩૦ દિવસે ૬૫ કિ.ગ્રા. યુરીયા અથવા ૧૫૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ આપવું.

**કસુંબી** : ● ભીમા, તારા નું વાવેતર કરવું . બીજનો દર ૧૨-૧૫/ હે. રાખવો.

**ધાણાઃ** ● ગુજરાત ધાણા -૧ અથવા ૨, ૩ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું.

● વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવું અને બીજનો દર ૨૦ કી.ગ્રા. પ્રતિ હેકટરે રાખવો.

● ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુકવ્યા બાદ વાવતેર કરવું.

**દિવેલા** : ● દિવેલામાં આંતર પાક તરીકે ચણા લઈ શકાય.

**તમાકુ** : સફેદ ટપકા / સફેદ ચાંચડી

● હેક્ઝાકોનાઝોલ ૫ એસસી ૧૦ મિલી અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૩૦ ગ્રામ અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૫ ગ્રામ અથવા કાર્બેન્ડાઝિમ ૧૨ % + મેન્કોઝેબ ૬૩ % વેપા ૩૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી કોઈપણ એક ફુગનાશકનો વારાફરતી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**મગ** : ● જે વિસ્તારમાં કાળા મગ થતા હોય ત્યાં રવિ ઋતુના બિન પિયત કાળા મગ જીબી એમ-૧ નું વાવેતર કરવુ. નવસારી કૃષિ યુનિવર્સીટી– તણછાનો સંપર્ક કરો.

**ચોળીઃ** ● ગુજરાત ચોળી ૫ વાવેતર માટે ભલામણ છે. રાઈઝોબીયમનો પટ બીજને આપીને વાવેતર કરવું.

**બટાકાઃ** ● બટાકાનું વાવેતર ૧૫ નવેમ્બર આજુબાજુ કુફરી બાદશાહ, કુફરી પુખરાજ અથવા કુફરી લૌકરનું વાવેતર કરવું.

● વાવતા પહેલા ૧ કિલો મેન્કોઝોલ અને ૫ કિલો શંખજીરું નું મિશ્રણ બનાવી કાપેલા ભાગ ઉપર ભભરાવી વાવેતર કરવું.

● બટાટાનું વાવેતર નવેમ્બર માસના બીજા અઠવાડીયાથી ચોથા અઠવાડીયા સુધીમાં કરવું.

**રતાળુ** : ● રતાળુની જાત એન. જી.વાય ૭નું વાવેતર કરવું તે કાલવ્રણ રોગ અને સામે મધ્યમ રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે.

**લીંબુ** :- ● લીંબુનું પાન કોરીયું અને કાળી માખીનું નિયંત્રણ માટે ઈમીડાકલોરાપ્રાઈડ ૪ મીલી/ ૧૦ લી. પાણીમાં નાખી બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરો.

**કેળ** : ● કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.

● રોપણી પછી ત્રીજા મહીને મ્યુંરેટ ઓફ પોટાશ, સિંગલ સુપર ફોસ્ફેટ ખાતરના ત્રણ સરખા ભાગમાં આપવું અને ફોસ્ફેટ પોટાશ જમીનમાં અને પાંચમાં મહીને ફર્ટીગેશન ધ્વારા નાઈટ્રોજન ખાતર આપવું.

**નાળીયેરી** : ● ગેંડા કિટકના નિયંત્રણ માટે કાણા સાફ કરી કવીનાલફોસ ભૂકી ૫ % અને ઝીણી રેતી સરખા ભાગે મિક્સ કરી કાણામાં મૂકી કાણું માટીથી બંધ કરવું.

**જામફળ** : ● ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લીટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મીલી અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

**દાડમ** : ● દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોંચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી અને ચોખ્ખો નફો મળે છે.

**ટમેટા** : ૬૦ ટકા છાપાવાળા સફેદ નેટ હાઉસમાં ટમેટાની અનિયંત્રીત વૃધ્ધીવાળી જાતની ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય.

**રીગણ, મરચી તથા ટમેટીનું ધરૂ ઉછેર** : રીંગણ તથા ટમેટી માટે હેકટરે ૩૦૦ થી ૩૫૦ ગ્રામ તથા મરચી માટે હેકટરે ૭૫૦ ગ્રામ બીજની જરૂરીયાત રહે છે. બીજને વાવતા પહેલા કાર્બેન્ડાઝીમ દવાનો પટ્ટ આપવો.

બીજ વાવેતર બાદ હળવું પિયત આપવું. ધરૂ ઉછેર દરમ્યાન પાક સંરક્ષણના પુરતા પગલાં લેવા

# પાનકથીરી : પાક ઉત્પાદન માટે ઉભો થતો છુપો ખતરો

**શાકભાજી પાકોની કથીરીઃ** શાકભાજી પાકો જેવા કે મરચી, પાપડી, રીંગણ, ગુવાર અને ચોળામાં યલો/બ્રોડ માઈટ (પોલીફેગાટારસોનેમસ લેટસ) કે જે ટારસોનેમીડ કુળની કથીરી છે તેનો ઉપદ્રવ જોવા મળે છે. જ્યારે ભીંડા અને વેલાવાળા શાકભાજીમાં ટેટ્રાનીકીડ કુળની કથીરીઓ (ટેટ્રાનીકસ મર્કફરલેની, ટેટ્રાનીકસ લ્યુડેની, ટેટ્રાનીકસ અર્ટીકી, ટેટ્રાનીકસ સીનાબારીનસ અને ટેટ્રાનીકસ નીયોકેલોડોનીકસ) જોવા મળે છે.

પોલીફેગાટારસોનેમસ લેટસ જાતિની કથીરી કદમાં નાની, ચળકતા પીળાશ પડતાં રંગની, અર્ધપારદર્શક શરીરવાળી અને પુખ્તાવસ્થામાં ચાર જોડ પગ ધરાવે છે. આ કથીરીનાં નુકસાનની શરૂઆત ટોચનાં વૃધ્ધિ પામતાં પાન ઉપરથી થાય છે. બચ્ચાં અને પુખ્ત પાનની નીચેની બાજુએ રહી રસ ચૂસીને નુકસાન કરે છે. આથી વૃધ્ધિ પામતાં પાન ભૂખરાં રંગનાં, તરડાઈને વિકૃત થઈ કોડીયા આકારનાં દેખાય છે. વધુ ઉપદ્રવિત છોડમાં ફૂલો બેસતાં નથી તેમજ છોડનો વિકાસ રૂંધાય છે. દક્ષિણ ગુજરાતમાં તેનો ઉપદ્રવ સપ્ટેમ્બર-ઓક્ટોબર અને ફેબ્રુઆરી-માર્ચ માસ દરમિયાન વધુ જોવા મળે છે.

ટેટ્રાનીકસ મર્કફરલેની પ્રકારની કથીરી લાલાશ પડતાં રંગની, ચાર જોડ પગ ધરાવતી, શરીર ઉપર ટપકાંવાળી અને જાળા બનાવતી જોવા મળે છે. ઉપદ્રવિત છોડમાં બચ્ચાં અને પુખ્ત રેશમી બારીક તાંતણાઓ નીચે રહી પાનની નીચેની સપાટીએ રહી રસ ચૂસે છે. આથી પાન ઉપર અસંખ્ય સફેદ તેમજ ઝાંખા પીળા રંગનાં ડાઘા દેખાય છે. ઉપદ્રવિત પાનનાં જાળામાં ધૂળનાં રજકણો ભરાવાથી પ્રકાશસંશ્લેષણની ક્રિયા અવરોધાતા તેની વૃધ્ધિ અટકે છે. છેવટે પાન પીળા પડી ખરી પડે છે. આથી ગુણવત્તા અને ઉત્પાદન ઉપર વિપરીત અસર થાય છે. ભીંડા તથા વેલાવાળા શાકભાજીમાં માર્ચ થી જુલાઈ માસ દરમિયાન તેનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. ફળપાકોની કથીરીઃ ફળપાકોમાં મુખ્યત્વે આંબા અને નાળિયેરીનાં પાકની ઈરીયોફીડ કુળની કથીરી અને ચીકુની ટકરેલીડ કુળની કથીરી આર્થિક રીતે ખૂબ જ નુકસાનકર્તા જોવા મળેલ છે.

**આંબાની કથીરીઃ** ટેટ્રાનીકીડ કુળની કથીરી, ઓલીગોનીકસ મેન્જીફેરી પાનની ઉપરની સપાટીએ રહી પાનમાંથી રસ ચૂસે છે. ટેટ્રાનીકસ સીનાબારીનસ પાનની નીચેની સપાટીએ સમૂહમાં રહી પાનમાંથી રસ ચૂસે છે. આથી પાન ઉપર શરૂઆતમાં સફેદ છાંટ પડે છે અને ઉપદ્રવિત પાન ધીરે ધીરે પીળા પડી ખરી જાય છે. આ કથીરીઓનો ઉપદ્રવ દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે સપ્ટેમ્બરથી શરૂ થાય છે પરંતુ નવેમ્બર અને મે મહિનામાં તેનો ઉપદ્રવ વધુ જોવા મળે છે.

ઈરીયોફીડ કુળની કથીરી પણ પાનની ઉપરની બાજુએ રહી રસ ચૂસે છે. જેના કારણે પાન ઉપર સફેદ ચળકતા ધાબા જોવા મળે છે. તેના ઉપદ્રવની



શરૂઆત પર્ણદંડથી લઈ પાન ઉપર મધ્યનસની બાજુમાં અને ત્યારબાદ અન્યત્ર ફેલાય છે. જુના પાન ઉપર જ આ કથીરીનો ઉપદ્રવ જોવા મળે છે. આ કુળની કથીરી એસેરીયા મેન્જીફેરી આંબામાં જોવા મળતી પાનની અને મોરની વિકૃતિ સાથે સંકળાયેલ છે. જેનો ઉપદ્રવ આખા વર્ષ દરમિયાન આંબાવાડીયામાં જોવા મળે છે, પરંતુ મે માસમાં વધુ પ્રમાણમાં દેખાય છે.

**નાળિયેરીની કથીરીઃ** ગુજરાતમાં નાળિયેરીમાં કુલ ત્રણ પ્રકારની કથીરી જોવા મળે છે. જે પૈકી ઈરીયોફીડ

કૃપા ડી. ચોડવડીયા૧ ડો. વી. સી. ગઢીયાર અને ડો. ટી. એમ. સેંજલીયા
૧. એમ.એસ.સી., સ્કોલર, કિટકશાસ્ત્ર વિભાગ, આંણદ કૃષિ યુનિવર્સીટી, આંણદ
૨. સહ પ્રાધ્યાપક, કીટક શાસ્ત્ર વિભાગ, કૃ. મ. વિ., જુ. કૃ. યુ., મોટા ભંડારીયા
૩. મદદનીશ પ્રાધ્યાપક, કીટક શાસ્ત્ર વિભાગ,
કૃ. મ. વિ., જુ. કૃ. યુ., મોટા ભંડારીયા

કુળની કથીરીથી ખુબ જ આર્થિક નુકસાન થાય છે. જ્યારે ટેન્યુપાલ્પીડ કુળની લાલ કથીરી રાઓલીયા ઈન્ડીકા અને ટેટ્રાનીકીડ કુળની ઓલીગોનીકસ ઈન્ડીકસ કથીરી પ્રમાણમાં ઓછું આર્થિક નુકસાન કરે છે. તેનો ઉપદ્રવ ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારનાં મહુવા, ઉના અને માંગરોળ વિસ્તારમાં વધુ જોવા મળે છે.

ઈરીયોફીડ કુળની કથીરી એસેરીયા ગેનેરોનીસ સફેદ રંગની, બે જોડ પગ ધરાવતી અને કૃમિ આકારની અને ખૂબ જ સૂક્ષ્મ હોય છે. જે નરી આંખે જોઈ શકાતી નથી. આથી તેનો ઉપદ્રવ ફળ ઉપરનાં નુકસાનનાં ચિન્હો પરથી જાણી શકાય છે. તેનું શરીર લાંબુ, નળાકાર અને પાછળનો ભાગ બુંઠો હોય છે. તેના ઉપદ્રવની શરૂઆત માદા ફૂલ અને દાંડીઓથી થાય છે. ફલીનીકરણ બાદ ૩ થી ૬ માસનાં ફળોમાંથી કથીરી તેનાં સોય જેવા મુખાંગો દ્વારા ફળની વિકાસ પામતી પેશીઓમાં આવરણની નીચે રહી રસ ચૂસે છે. ખૂબ જ ઉપદ્રવિત પેશી શરૂઆતમાં ઝાંખા પીળા રંગની થાય છે. ઉપદ્રવિત ફળનો વિકાસ અટકતા ફળનું કદ નાનું રહે છે અને ફળ કદરૂપુ દેખાય છે. ફળની છાલ ખેંચાવાથી ઉભી તિરાડો જોવા મળે છે અને તેમાંથી ગુંદર જેવો પદાર્થ ઝરતો જોવા મળે છે. કોપરાના ઉત્પાદનમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થાય છે. આ કથીરીનો ઉપદ્રવ સપ્ટેમ્બર થી માર્ચ માસ દરમિયાન વધુ જોવા મળે છે.

**ચીકુની કથીરીઃ** ટકરેલીડ કુળની ટકરેલા કુમાનેન્સીસ કથીરી લાલ રંગની હોય છે. જે ચીકુનાં ફળની ઉપરની સપાટીએ ડીંટા પાસે રહી રસ ચૂસતી હોવાથી તે ભાગમાં ફળની છાલ સુકાય છે. જેથી ચીકુનું ફળ ખરબચડી સપાટીવાળું જોવા મળે છે અને ફળ ઉપર પોપડા બાઝી ગયા હોય તેવું લાગે છે. આવા ફળની બજાર કિંમત ખૂબ જ ઘટી જાય છે. દક્ષિણ ગુજરાતમાં આ કથીરીનો ઉપદ્રવ એપ્રિલ-મે માસમાં અને ઓક્ટોબર-નવેમ્બર માસમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**રોકડિયા પાકોની કથીરીઃ** કપાસનાં પાકમાં લાલ કથીરીનો ઉપદ્રવ જોવા મળે છે. ખેડૂતો આ જીવાતનાં ઉપદ્રવને 'પિત્તળીયા' નાં નામથી ઓળખે છે. પુખ્ત જીવાત બારીક ગોળ અને રાતા રંગની હોય છે. જ્યારે બચ્ચાં શરૂઆતમાં ઝાંખા પીળા રંગનાં હોય છે. જે ક્રમે ક્રમે રાતો રંગ ધારણ કરે છે. બચ્ચાં તથા પુખ્ત જીવાત પાનની નીચેના ભાગે રહી પાનમાંથી રસ ચૂસીને વિકસે છે. પરિણામે પાન ફિક્કા પડી જાય છે. ઉપદ્રવ વધે ત્યારે આ જીવાત પાનની નીચેના ભાગે મુલાયમ તાર કાઢી જાળા બનાવીને તેમાં રહે છે.

**તેલીબિયાં પાકોની કથીરીઃ દિવેલાની કથીરીઃ** ટેટ્રાનીકીડ કુળની કથીરીઓમાંથી ટેટ્રાનીકસ મર્કફરલેની નો ઉપદ્રવ જોવા મળે છે. તે સૂક્ષ્મ કદની લાલાશ પડતી બદામી રંગની હોય છે. બચ્ચાં તથા પુખ્ત કથીરી પાનની નીચે રહીને રસ ચૂસે છે. ઉપદ્રવવાળા પાન ઉપર પીળા ધાબા પડે છે. જે છેવટે બદામી થઈ જાય છે. વધુ ઉપદ્રવમાં માળમાં ડોડવા બેસતાં નથી.

**તલની કથીરીઃ** યેલો/બ્રોડ માઈટ (પોલીફેગાટારસોનેમસ લેટસ) કે જે ટારસોનેમીડ કુળની કથીરી છે તેનો ઉપદ્રવ જોવા મળે છે. તે ગોળ અને મેલા સફેદ રંગની હોય છે. આ કથીરીનાં ઉપદ્રવની શરૂઆત ખેતરનો નિચાણવાળો ભાગ કે જ્યાં પાણી ભરાઈ રહેતાં વધારે પડતો ભેજ રહેતો હોય ત્યાંથી થતો હોય છે. બે-ત્રણ દિવસમાં આખા ખેતરમાં પ્રસરી જતી હોય છે. બચ્ચાં તથા પુખ્ત પાનની નીચેના ભાગે રહી રસ ચૂસે છે. નુકસાન પામેલા પાન બરડ થઈ પાનની કિનારી નીચેની તરફ વળી જઈ વિકૃત બને છે તથા કોકડાયેલા હોય તેવા કાળાશ પડતાં ઘેરા લીલા રંગનાં થઈ જાય છે. છોડનો વિકાસ અટકી જઈ ફૂલ આવતા નથી કે બૈઢા બેસતા નથી.

**મગફળીની કથીરીઃ** મગફળીમાં ચોમાસા તથા ઉનાળા દરમિયાન ક્યારેક પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે છે. જે પાનની નીચેની સપાટીએ જાળું બનાવીને તેમાં રહી પાનમાંથી રસ ચૂસે છે. તેને લીધે પાન ઉપર સફેદ રંગનાં અસંખ્ય ડાઘા જોવા મળે છે અને દૂરથી છોડ સફેદ રંગનાં જણાય છે. આ કથીરીનો ઉપદ્રવ પાકની પાછલી અવસ્થાએ જ્યારે વાતાવરણમાં તાપમાનનું પ્રમાણ વધારે હોય ત્યારે જોવા મળે છે.

**કઠોળ પાકોની કથીરીઃ** તુવેરનાં પાકમાં સૂક્ષ્મ, ૦.૫ મિ.મી. કદની, મખમલ જેવી લાલ રંગની કથીરી જોવા મળે છે. આ કથીરી દોરા જેવા તાંતણા કાઢી પાન ઉપર જાળા બનાવી તેમાં રહી રસ ચૂસે છે. તે તુવેરનાં વંધ્યત્વ (વાયરસ) ના રોગનો ફેલાવો પણ કરે છે. આવા છોડ ઉપર ફૂલો કે શિંગો બેસતી નથી.

**ફૂલછોડની કથીરીઃ** ફૂલછોડ ઝર્બેરા, ઝીનીયા અને ક્રીસેન્થીમમમાં યેલો/બ્રોડ માઈટ (પોલીફેગાટારસોનેમસ લેટસ) નો ઉપદ્રવ જોવા મળે છે. સપ્ટેમ્બર થી ઓક્ટોબર માસ દરમિયાન તેનો ઉપદ્રવ જોવા મળે છે. જ્યારે એન્થુરીયમમાં લાલ અને કાળી કથીરી બ્રેવીપાલ્પસ ફોનીસીસ (જીજસ્કેસ) નો ઉપદ્રવ જોવા મળે છે. કથીરીનાં બચ્ચાં અને પુખ્ત છોડનાં કુમળા પાન અને વૃધ્ધિ પામતાં ભાગોમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે. ઉપદ્રવિત છોડનો વિકાસ અટકે છે અને આર્થિક નુકસાન થાય છે.

**મરી મસાલા પાકની કથીરીઃ** લસણનાં પાકમાં એસેરીયા ટુલીપી નામની કથીરીનો ઉપદ્રવ જોવા મળે છે. તેનું શરીર લાંબુ ત્રાક આકારનું અને આશરે ૦.૨૦ થી ૦.૨૫ મિ.મી. લંબાઈનું હોય છે. આગળ બે જોડી પગ તથા સોયાકાર મુખાંગ ધરાવે છે. શરીરનો આગળનો ભાગ જાડો અને પાછળનો ભાગ પાતળો હોય છે. તે આછાં પીળાશ પડતાં સફેદ રંગની હોય છે. જે મોતી જેવી સફેદ અથવા લાલ, સરળ, ટૂંકા પગવાળી હોય છે. આ કથીરી લીલા અને સંગ્રહ કરેલા એમ બંને પ્રકારનાં લસણમાં ઉપદ્રવ કરતી જણાયેલ છે. જેમાં બચ્ચાં અને પુખ્ત કથીરી કળીની સપાટીની વચ્ચે રહી રસ ચૂસીને નુકસાન કરે છે. નુકસાન પામેલ કળી ચીમળાયેલી, કથ્થઈ ટપકાંવાળી દેખાય છે. અને જો રોગ લાગુ પડે તો કોહવાય જાય છે. આ કથીરીનો ફેલાવો ઉપદ્રવિત કળી કે કંદથી થાય છે. નુકસાનયુક્ત પાન બિડાયેલું રહે છે અને મુખ્ય નસ પીળી પડે છે. પાન ઉપરનાં ભાગે વાંકાચૂકી રીતે વળી જાય છે. ખેતરમાં કથીરીનું નુકસાન શરૂઆતમાં નાના નાના કુંડાળામાં જોવા મળે છે અને ત્યારબાદ આ નાના કુંડાળાનો વિસ્તાર વધતો જાય છે.

# જમીનના સૂક્ષ્મ જીવાણુંઓ પર નીંદણનાશક રસાયણોની અસર

આજના યાંત્રિક યુગમાં રોજબરોજ મજૂરોનો પ્રશ્ન વિકટ થતો જતો હોવાથી, કૃષિક્ષેત્રે નીંદણ નિયંત્રણ માટે યાંત્રિક પધ્ધતિના વિકલ્પરૂપે નીંદણનાશક રસાયણોનો વપરાશ ક્રમશઃ વધવા લાગ્યો છે. નીંદણનાશક રસાયણોનો છંટકાવ વાવણી અગાઉ, વાવણી સમયે, વાવણી બાદ તરત જ, પ્રથમ પિયત સાથે અથવા ઊભા પાકમાં નીંદણ નિયંત્રણ અર્થે ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે નીંદણનાશક રસાયણોનો છંટકાવ



ડો. રિશી કે કાલરીયા,
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

જમીન પર કરતાં રસાયણોની અસર ૫ થી ૧૦ સે.મી.ની ઉપરની જમીનની સપાટીમાં જોવા મળે છે કે જયાં ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા સવિશેષ હોય છે. સૂક્ષ્મ જીવાણુઓનું અગત્યનું કાર્ય જમીનમાં રહેલ સેન્દ્રિય પદાર્થોનું વિઘટન કરવાનું તથા પોષકતત્વોનું ખનિજકરણ દ્વારા અકાર્બનિક સ્વરૂપમાં ફેરવવાનું હોય છે. આ પોષકતત્ત્વો છોડના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી તથા જરૂરી હોઈ પરોક્ષ રીતે પાક ઉત્પાદન વધારવામાં સૂક્ષ્મ જીવાણું અગત્યનો ભાગ ભજવે છે. સાથે સાથે જમીનમાં નીંદણનાશક રસાયણોનું વિઘટન કરવાનું કાર્ય પણ સૂક્ષ્મ જીવાણું કરતા હોય છે. જમીનની ઉપરની સપાટીમાં અનેક પ્રકારના સૂક્ષ્મ જીવાણું કરોડોની સંખ્યામાં હોય છે. સૂક્ષ્મ જીવાણુઓનો વિકાસનો આધાર અનેક પરિબળો જેવા કે, જમીનના તાપમાન, ભેજનુ પ્રમાણ, જમીનનો અમ્લતા આંક, અગાઉના પાકના અવશેષો, સેન્દ્રિય તત્વનું પ્રમાણ, પાકનો પ્રકાર, ખેડ તથા નીંદણનાશક રસાયણોનો ઉપયોગ વગેરે પર રહેલો છે.

આપણા દેશમાં નીંદણનાશક રસાયણોના વપરાશથી જમીનમાં રહેલ સૂક્ષ્મ જીવાણુંઓ પર થતી અસર બાબતે નહિવત સંશોધન કામગીરી થયેલ છે. ઉપલબ્ધ માહિતીના આધારે અત્રે નીંદણનાશક રસાયણના છંટકાવથી બેકટેરીયા, ફૂગ તથા એકટીનોમાયસીટ્સ પર થતી અસર વિશે માહિતી આપવાનો પ્રયત્ન કરેલ છે. જોકે વર્તમાન સમયે પર્યાવરણને ધ્યાનમાં રાખતાં આ બાબતે વધુ અભ્યાસની તાતી જરૂર છે. (ક્રમશઃ)

# ધારીના પ્રેમપરામાં ગૌચર સંશોધન કેન્દ્રમાં ભીષણ આગથી મોટાભાગનુ ઘાસ બળીને ખાખ

**સ્થાનિક ફાયર ફાઈટર ન હોવાથી બગસરાથી બોલાવાયું**

ધારી,તા.૨૫

અમરેલી જિલ્લાના ધારી શહેરના પ્રેમપરા વિસ્તારમાં આવેલા 'સોહેલ' ગૌચર સંશોધન કેન્દ્રમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. આગના બનાવને પગલે ગૌચર કેન્દ્ર અને આસપાસના રહેણાંક વિસ્તારમાં અફડાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. અને મોટાભાગનું ઘાસ બળી ગયું હતું. ઘટનાની જાણ થતાં જ આગ પર કાબૂ મેળવવાના સ્થાનિક પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ, ધારી નગરપાલિકા પાસે પોતાનું ફાયર ફાઈટર ઉપલબ્ધ ન હોવાને કારણે તાત્કાલિક બગસરાથી ફાયર ફાઈટરની ટીમ બોલાવવી પડી હતી.ધારી જેવા મુખ્ય મથકે ફાયર ફાઈટર જેવી આવશ્યક ઈમરજન્સી સુવિધા ન હોવાને કારણે તંત્રની કામગીરી સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગ કયા કારણોસર લાગી અને તેનાથી કેટલું નુકસાન થયું છે તે અંગેની વિગતો હજુ પ્રાપ્ત થઈ શકી નથી.



તસવીર : સંજય વાળા

# વારાણસીમાં ભારતીય વાયુસેનાના ૯૪મા સ્થાપના દિવસ નિમિત્તે 'વિંગ્સ ઓવર ધ ગંગા'નું ભવ્ય પ્રદર્શન

વારાણસી, તા.૨૫

વારાણસીના નમો ઘાટ ખાતે ભારતીય વાયુસેનાના ૯૪મા સ્થાપના દિવસ નિમિત્તે 'વિંગ્સ ઓવર ધ ગંગા' ભવ્ય એર શો યોજાયો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરના ૧૨ એરબેઝ પરથી આવેલા લગભગ ૧૦૦ વિમાનોએ ગંગા કિનારે પોતાની લડાયક શક્તિ અને તકનીકી કૌશલ્યનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. મુખ્ય આકર્ષણ સુખોઈ-૩૦, રાફેલ, જગુઆર, મિરાજ-૨૦૦૦, તેજસ અને મિગ-૨૯નું સંયુક્ત 'એરોહેડ ફોર્મેશન' રહ્યું હતું. આ ઉપરાંત, હવાઈ લડાઈના સિમ્યુલેશન અને હાઈ-સ્પીડ હુમલાની કવાયતોથી દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

ત્રણેય દળો વચ્ચેનું સંકલન દર્શાવતા આ શોનું ભવ્ય સમાપન 'સૂર્ય કિરણ' અને 'સારંગ' હેલિકોપ્ટર ટીમના રોમાંચક એરોબેટિક કારનામાઓ સાથે થયું હતું.



# ECINET સોફ્ટવેરની માહિતી ન આપવા બદલ કોંગ્રેસનું ચૂંટણી પંચ પર આકરું વલણ

નવી દિલ્હી,તા.૨૫

કોંગ્રેસે રવિવારે વિવાદાસ્પદ ECINET સોફ્ટવેર અંગેની માહિતી જાહેર ન કરવા બદલ ચૂંટણી પંચની આકરી ટીકા કરી છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ માહિતી છુપાવી રહ્યું છે, કારણ કે આ સોફ્ટવેર દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયામાં થયેલી ગેરરીતિઓ સામે આવી શકે છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સવાલ ઉઠાવ્યો હતો કે SIR અને મતદાર યાદી સુધારણામાં AIના ઉપયોગ અંગે પંચ પારદર્શિતા કેમ નથી દાખવતું? તેમણે સોફ્ટવેરના વિકાસ બાબતે પણ પ્રશ્નો કર્યા હતા. આ મુદ્દે કોંગ્રેસે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. તેમજ, વિવાદાસ્પદ SIR પ્રક્રિયાને તાત્કાલિક અસરથી રોકવા માટે અપીલ કરી છે.

# NCP નેતા છગન ભુજબળે દેવેન્દ્ર ફડણવીસ પાસે નાણા વિભાગની કરી માંગ

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને એનસીપી (અજિત પવાર જૂથ) ના વરિષ્ઠ નેતા છગન ભુજબળે જણાવ્યું છે કે તેમની પાર્ટીના પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરીને નાણા વિભાગની માંગ કરી છે. સુનેત્રા પવાર, પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે સહિતના નેતાઓના આ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી સમક્ષ પોતાની રજૂઆત કરી હતી.





ભુજબળે સ્પષ્ટ કર્યું કે પાર્ટી નાણા વિભાગ સિવાય અન્ય કોઈ વિકલ્પ સ્વીકારશે નહીં. તેમણે ઉમેર્યું કે મુખ્યમંત્રી આ માંગ અંગે હકારાત્મક છે. જોકે, તેમણે કેબિનેટમાં ફેરબદલ અંગેની અટકળોને ફગાવી દેતા તેને મુખ્યમંત્રીનો વિશેષાધિકાર ગણાવ્યો હતો. આ ઉપરાંત, શરદ પવારના જૂથ (NCP-SP) સાથે વિલીનીકરણની શક્યતાઓને પણ ભુજબળે સંપૂર્ણપણે નકારી કાઢી હતી અને જણાવ્યું હતું કે આ પ્રકરણ હવે બંધ થઈ ચૂક્યું છે.

# ૨૦૨૯ સુધીમાં ભારતમાં ચાર સ્પેસ લોન્ચ પેડ કાર્યરત થશે: ઈસરો વડા

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) ના ચેરમેન વી. નારાયણને જણાવ્યું છે કે વધતી વૈશ્વિક માંગને પહોંચી વળવા ૨૦૨૯ સુધીમાં ભારતમાં ચાર સ્પેસ લોન્ચ પેડ કાર્યરત થઈ જશે. તમિલનાડુના કુલશેખરપટ્ટીનમ ખાતે ૨,૦૦૦ એકર જમીન પર નાના ઉપગ્રહો માટે ખાસ સંકુલ વિકસાવવામાં આવી રહ્યું છે.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ઈસરોનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં, પરંતુ નવી રોજગારી અને આર્થિક વિકાસ માટે ખાનગી કંપનીઓ તથા સ્ટાર્ટઅપ્સને ટેકનિકલ સહયોગ આપવામાં આવશે.

વધુમાં તેમણે ઉમેર્યું કે આગામી બે મહિનામાં 'ગગનયાન' મિશનનું પ્રથમ માનવરહિત પરીક્ષણ કરાશે. આ ઉપરાંત, ઈસરો જાપાનની સ્પેસ એજન્સી સાથે મળીને 'ચંદ્રયાન-૫' મિશનનું પણ આયોજન કરી રહ્યું છે.

# ગુજરાતમાં એક વર્ષની પાણીની અછત દૂર થશે: સુરતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વની જાહેરાત

ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં આ વર્ષે વરસાદની અછતને કારણે સર્જાયેલી પાણીની સમસ્યા વચ્ચે સુરતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રીની હાજરીમાં ગુજરાતની પાણીની અછત દૂર કરવાની પૂરી ખાતરી આપવામાં આવી છે. રાજ્યમાં એક વર્ષ દરમિયાન પાણીની જે પણ ઘટ છે તે તમામ પૂરી કરવામાં આવશે, જેનાથી પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ સંદર્ભે આવનારા મંગળવારે તમામ બાબતો આખરી ઓપ પામશે.બીજી તરફ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, મંગળવારે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાશે. આ બેઠકમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વીજળીના બદલે ગુજરાતને પાણી આપશે તે અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. આ નિર્ણયથી સમગ્ર ગુજરાતમાં સર્જાયેલી પાણીની તંગીમાંથી મોટી રાહત મળશે.



# ઉનાના ભીંગરણ ગામે ધોળા દિવસે ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી વૃધ્ધાની હત્યા

ગીર સોમનાથ,તા.૨૫

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભીંગરણ ગામે ધોળા દિવસે લૂંટ વિથ મર્ડરની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગામમાં આંગણવાડી નજીક રહેતાં ૮૫ વર્ષીય વૃધ્ધા રખમાંઈબેન પીઠાભાઈ બાંભણીયા પોતાના ઘરે એકલાં હતાં, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો. બપોર બાદ બનેલી આ ઘટનામાં તસ્કરોએ વૃધ્ધાના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા નિપજાવી હતી અને તેમણે પહેરેલાં સોના-ચાંદીના ઘરેણાંની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મૃતકનો પરિવાર વાડી વિસ્તારમાં રહેતો હોવાથી વૃદ્ધા ઘરે એકલાં હોવાનો લાભ ગુનેગારોએ ઉઠાવ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. ઘટનાની જાણ થતાં જ નવા બંદર પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે લોહીલુહાણ હાલતમાં મૃતદેહનો કબ્જો મેળવીને લૂંટારુઓને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.



# સોમનાથ એકેડેમીની દીકરીઓએ રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ઉના,તા.૨૫

વ્યારા ખાતે યોજાયેલી ૫૨મી જુનિયર સ્ટેટ એસોસિએશન કબડ્ડી ટુર્નામેન્ટમાં કોડીનારની સોમનાથ એકેડેમીની U-20 ગર્લ્સ ટીમે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આશરે ૩૦ ટીમોએ ભાગ લીધેલી આ સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત, મજબૂત ટીમવર્ક અને આત્મવિશ્વાસથી પ્રથમ સ્થાન મેળવ્યું. ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, મેનેજર રંજિતભાઈ દહિમા, કેમ્પસ ડિરેક્ટર સંજયભાઈ સોલંકી, કોચ રીતાબેન ચૌધરી તથા ટ્રેનર હેતલબેન સોલંકીએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



તસવીર : કૈલાશ ભટ્ટ

# દામનગરની નવજ્યોત સ્કૂલની મુલાકાત બદલ નિર્દોષાનંદજી હોસ્પિટલે આભાર વ્યક્ત કર્યો

દામનગર,તા.૨૫

દામનગર સ્થિત પરમાર્થ ટ્રસ્ટ સંચાલિત નવજ્યોત સ્કૂલ ખાતે સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ (ટીબી)ના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી.



આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા કરાયેલા ઉષ્માભર્યા સ્વાગત અને હોસ્પિટલના ડોક્ટર્સ તથા સ્ટાફના સન્માન બદલ હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ આભારપત્ર પાઠવ્યો છે. સાથે જ શાળા પરિવારને હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોટા આંકડિયાની પરિણીતા પર સુરતમાં સાસરિયાએ ત્રાસ ગુજાર્યો

અમરેલી, તા. ૨૫

અમરેલીના મોટા આંકડિયાની પરિણીતા પર સુરતમાં સાસરિયાઓએ સિતમ ગુજાર્યો હતો. બનાવ અંગે સોનલબેન અરવિંદભાઈ વિસાવળિયા (ઉં.વ. ૩૬)એ પતિ સંજયભાઈ લાલજીભાઈ બવાડિયા, સાસુ કૈલાશબેન લાલજીભાઈ બવાડિયા, સસરા લાલજીભાઈ કાનજીભાઈ બવાડિયા, દિયર વિજયભાઈ લાલજીભાઈ તથા દેરાણી જલ્પાબેન વિજયભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્ન તા. ૧૭/૦૪/૨૦૧૯ના રોજ થયા હતા. લગ્નથી તા. ૧૭/૦૮/૨૦૨૫ દરમિયાન સુરત મુકામે તેમના પતિ, સાસુ-સસરા અને દિયર-દેરાણીએ ઘરકામ, અન્ય બાબતો તેમજ બાળકો અંગે અવારનવાર મેણાં-ટોણાં મારી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. આ ઉપરાંત તેમના પતિએ ગાળો આપી ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો.આ અંગે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે. આર. સરવૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે 'વોટ ચોરી' સામે અમરેલી જિલ્લા કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાવરકુંડલાના મહુવા રોડ પર આવેલા લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠકનું ઉદ્ઘાટન મધ્યપ્રદેશના પૂર્વ મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠન ઉપાધ્યક્ષ અને સૌરાષ્ટ્ર ઝોન 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાનના ઈન્ચાર્જ સુખદેવ પાંસે તથા ઉપસ્થિત આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.બેઠકમાં પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, પ્રતાપ દુધાત સહિત અમરેલી જિલ્લાના તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખો, ફ્રન્ટલ સંગઠનોના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. સુખદેવ પાંસેએ સંગઠનને બુથ સ્તર સુધી મજબૂત બનાવવા અને 'વોટ બચાવો, દેશ બચાવો'અભિયાનને જન-જન સુધી પહોંચાડવા માટે હાકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને શક્તિ પ્રદર્શન જોવા મળ્યું હતું.



# રાજ્ય કક્ષાની યોગાસન સ્પર્ધામાં જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલની વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ગીર સોમનાથ,તા.૨૫

૭૦મી SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા) અંતર્ગત અંડર-૧૪ બહેનોની રાજ્ય કક્ષાની યોગાસન સ્પર્ધાનું આયોજન કચ્છ જિલ્લાના માધાપર ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોડીનારની જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સની ધોરણ-૬ની વિદ્યાર્થિની વાળા હેતસ્વીબેન હાજાભાઈએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને યોગાસન (ટ્રેડિશનલ ઈવેન્ટ)માં ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) પ્રાપ્ત કર્યો છે. ઊનાના વરસીંગપુર ગામના ખેડૂત પરિવારની દીકરી હેતસ્વીબેન હવે રાષ્ટ્રીય કક્ષાની યોગાસન સ્પર્ધામાં ભાગ લેવા માટે કોલકાતા ખાતે જશે. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, SIS મેનેજિંગ ડાયરેક્ટર સુમિતભાઈ સોલંકી, મેનેજિંગ ડિરેક્ટર કુણાલભાઈ સોલંકી, DLSS મેનેજર રણજીતભાઈ દાહીમા, કેમ્પસના સ્પોર્ટ્સ સંચાલક સંજયભાઈ સોલંકી ટ્રસ્ટ મંડળના સભ્યો, શાળાના આચાર્ય જગમલભાઈ નંદાણીયા, DLSS યોગા ટ્રેનર અલ્પાબેન વાળા તથા સમગ્ર શાળા પરિવારે હેતસ્વીબેનને હાર્દિક અભિનંદન પાઠવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને વિજય પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.



તસવીર : ધર્મેશ પાઠક

# અકસ્માતમાં એક પગ ગુમાવ્યો, પણ હિંમત નહીં હારતા રવિ બન્નાએ ધારીનું નામ દેશભરમાં ગુંજતું કર્યું

**એક પગે ગિરનાર ચઢવાથી લઈને નેશનલ વ્હીલચેર ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન સુધીની રવિ બન્નાની પ્રેરણાદાયી સફર**



ધારી,તા.૨૫

ધારીના યુવાન રવિ બન્નાએ અકસ્માતમાં એક પગ ગુમાવ્યો હોવા છતાં હિંમત હાર્યા વગર જીવનમાં સફળતા મેળવી છે. જીવનસંગિની અને મિત્રોના સહકારથી તેમણે આત્મવિશ્વાસ જાળવી રાખ્યો છે. એક પગે ગિરનાર પર્વત ચડીને તેમણે પોતાની હિંમત અને દઢ મનોબળનો પરિચય આપ્યો હતો. ગણેશ મહોત્સવ અને નવરાત્રીમાં આયોજક તરીકે સક્રિય રહેવા ઉપરાંત તેઓ એક પગે રાસ-ગરબા અને તલવારબાજી પણ કરે છે. બાળપણથી ક્રિકેટનો શોખ ધરાવતા રવિએ અકસ્માત બાદ વ્હીલચેર ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. જિલ્લા અને રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તેમણે ગુજરાતની નેશનલ વ્હીલચેર ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવ્યું હતું. ઓડિશામાં યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતની ટીમે વિજય મેળવ્યો હતો, જેમાં રવિએ સૌથી વધુ રન ફટકારી નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. તેમની આ સિદ્ધિ યુવાનો માટે પ્રેરણારૂપ બની છે.

# રાજ્યનાં ખરીફ મગફળીનું ઉત્પાદન ઘટવાનો અંદાજ

**SEAનો સરવે રિપોર્ટ જાહેર**

અમરેલી,તા.૨૫

સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) દ્વારા તાજેતરમાં ૨૩ થી ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન હાથ ધરાયેલા ખરીફ મગફળી પાક સરવે ૨૦૨૬-૨૭ના આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

આ રિપોર્ટ અનુસાર, રાજ્યમાં ચાલુ વર્ષે મગફળીના વાવેતર વિસ્તાર અને ઉત્પાદન બંનેમાં ઘટાડો નોંધાયો છે. રિપોર્ટના આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬માં મગફળીનું કુલ વાવેતર ૨૨.૦૨ લાખ હેક્ટર હતું, જે ઘટીને વર્ષ ૨૦૨૬-૨૭માં ૨૦.૭૧ લાખ હેક્ટર થયું છે. ઉત્પાદનની દ્રષ્ટિએ ગયા વર્ષના ૪૧.૮૮ લાખ મેટ્રિક ટનની સામે આ વર્ષે કુલ ઉત્પાદન ૩૩.૩૦ લાખ મેટ્રિક ટન રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આમ, સરેરાશ હેક્ટર દીઠ ઉત્પાદકતા પણ ૧૫૨૨ કિગ્રાથી ઘટીને ૧૬૦૮ કિગ્રા નોંધાઈ છે. સૌરાષ્ટ્રના મુખ્ય જિલ્લાઓની વિગત તપાસીએ તો જૂનાગઢમાં ઉત્પાદન ૪.૪૪ લાખ મેટ્રિક ટનથી વધીને ૫.૩૨ લાખ મેટ્રિક ટન અને અમરેલીમાં ૨.૮૧ લાખ મેટ્રિક ટનથી વધીને ૩.૩૮ લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે. જોકે, જામનગરમાં ઉત્પાદન ઘટીને ૩.૨૬ લાખ મેટ્રિક ટન (ગયા વર્ષે ૫.૬૩ લાખ), રાજકોટમાં ૫.૯૦ લાખ મેટ્રિક ટન (ગયા વર્ષે ૬.૬૦ લાખ) અને દ્વારકામાં નોંધપાત્ર ઘટીને ૦.૭૧ લાખ મેટ્રિક ટન (ગયા વર્ષે ૪.૬૧ લાખ) રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના અન્ય વિસ્તારોમાં પણ વાવેતર અને ઉત્પાદનમાં આંશિક ફેરફારો જોવા મળ્યા છે. હવામાનની સ્થિતિ અને વરસાદની પેટર્ન આ ફેરફારો માટે મુખ્ય કારણભૂત માનવામાં આવે છે.



**અમરેલીમાં ૨.૮૧ લાખ મેટ્રિક ટનથી વધીને ૩.૩૮ લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે. જોકે, જામનગરમાં ઉત્પાદન ઘટીને ૩.૨૬ લાખ મેટ્રિક ટન**

# વલસાડમાં રૂ. ૧૩.૮૮ કરોડનો માદક પદાર્થ ઝડપાયો, ત્રણ આરોપીઓની ધરપકડ

વલસાડ, તા. ૨૫





વલસાડ જિલ્લાના વાપી અને સંઘપ્રદેશ દાદરામાં પોલીસે ત્રણ સ્થળોએ દરોડા પાડીને ગાંજા સહિત રૂ. ૧૩.૮૮ કરોડથી વધુ કિંમતનો માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય કેટલાક શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.વાપીના ડુંગરા વિસ્તારમાં આવેલી લેકવ્યુ રેસિડેન્સીના ફ્લેટમાંથી ૨૪૩.૬૭૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૧.૨૧ કરોડથી વધુ હોવાનું જણાવાયું છે. આ કેસમાં ઓડિશાના કાર્તિક ઉર્ફે પપ્પુ બિસ્વાલની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં તેના કાકા બનમાલી પાત્રાનું નામ સામે આવતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. વાપીના છીરી ગાલામસાલા વિસ્તારમાંથી ૩૮૭.૭૫૦ કિલોગ્રામ માદક પદાર્થની ગોળીઓ મળી આવી હતી. આ કેસમાં ઝારખંડના મોહમદ અમીન ખાનની ધરપકડ કરાઈ હતી. તપાસ દરમિયાન દાદરની એક દુકાનમાંથી વધુ ૨,૧૪૭.૩૫ કિલોગ્રામ ગોળીઓ મળી આવતાં ઉત્તર પ્રદેશના પ્રદીપ ઉર્ફે મન્નુ વર્માની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, કુલ ૨,૫૩૫.૧૦ કિલોગ્રામ ગોળીઓની કિંમત રૂ. ૧૨.૬૭ કરોડ દર્શાવવામાં આવી છે. અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજ્યભરમાં શાકભાજીના ભાવ તળિયે, કિલોના ભાવ રૂ. ૧૦થી નીચે પહોંચતાં ખેડૂતો મુશ્કેલીમાં

અમદાવાદ, તા. ૨૫



શિયાળાની શરૂઆત થતાં જ લીલા શાકભાજીની આવક વધવા લાગી છે. જોકે, અમદાવાદ સહિત રાજ્યભરમાં શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. રીંગણના ભાવ ગત સપ્તાહે કિલોદીઠ રૂ. ૧૨થી ૪૫ હતા, જે ઘટીને રૂ. ૩થી ૧૦ થયા છે. ભટ્ટાના ભાવ રૂ. ૧૨થી ૩૫થી ઘટીને રૂ. ૫ થી ૨૦ અને રવૈયાના ભાવ રૂ. ૧૫ થી ૫૦થી ઘટીને રૂ. ૪થી ૨૦ થયા છે. આ ઉપરાંત કોબીજ, ફૂલાવર, ટામેટાં, દૂધી, કારેલાં, ગવાર, ચોળી, ગિલોડાં, તુરીયાં અને ગલકાના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.આવકની સરખામણીએ વેચાણ ઓછું હોવાથી સામાન્ય કરતાં આશરે ૨૦ ટકા ભાવ ઘટ્યા છે. શાકભાજીનો પૂરતો નિકાલ ન થતાં વેપારીઓને માલ બગડવાનો ભય સતાવી રહ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, કમોસમી વરસાદ અને અલ નીનોની અસરને કારણે પણ પરિસ્થિતિ વણસી છે. માલ બગડે નહીં તે માટે ખેડૂતો ઝડપથી શાકભાજી બજારમાં લાવી રહ્યા છે, જેના કારણે આવકમાં વધારો થયો છે.ખેડૂતોએ વચેટિયાઓ દ્વારા વધુ નફો મેળવાતો હોવાનો આક્ષેપ કર્યો છે, જોકે રિટેલ વેપારીઓએ આ વાત નકારી છે. એપીએમસીમાં ભાવ ઘટ્યા હોવા છતાં છૂટક બજારમાં કેટલાક વિસ્તારોમાં શાકભાજી મોંઘાં વેચાતાં હોવાની ફરિયાદો છે. તેથી છૂટક બજારમાં પણ ભાવ પર નિયંત્રણ રાખવામાં આવે તો ખેડૂતોને યોગ્ય ભાવ અને ગ્રાહકોને રાહત મળી શકે છે.

# અમરેલીમાં શિયાળાની વિધિવત શરૂઆત: લઘુત્તમ પારો ગગડીને ૧૮.૨ ડિગ્રી નોંધાયો

અમરેલી,તા.૨૫



અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાં વાતાવરણના બદલાવ સાથે શિયાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે, જેના લીધે મોડી રાત્રે તથા વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અમરેલીમાં લઘુત્તમ તાપમાન ગગડીને ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. બીજી તરફ, દિવસ દરમિયાન તાપમાન વધીને ૩૬.૯ ડિગ્રી સુધી પહોંચતા લોકો બળબળતા તાપનો સામનો કરી રહ્યા છે. આમ, શહેરીજનો હાલ એક જ દિવસમાં બેવડી ઋતુ અનુભવી રહ્યા છે.હવામાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા નોંધાતા સવારના સમયે વાતાવરણમાં આહલાદક ઠંડક જળવાઈ રહે છે. પવનની ગતિ પ્રતિ કલાક ૦ કિલોમીટર એટલે કે નહિવત હોવા છતાં લઘુત્તમ તાપમાન ઘટી રહ્યું છે. આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ હજુ વધે તેવી શક્યતા હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

# રાજ્યમાં શિક્ષણની સ્થિતિ પર સવાલો, સત્યાગ્રહ પોર્ટલ પર ૨૦ દિવસમાં ૧,૧૪૪ ફરિયાદો

અમદાવાદ, તા. ૨૫



ગુજરાતમાં સરકારી શાળાઓમાં પ્રવેશ અને ફોટોગ્રાફી માટે પૂર્વમંજૂરી ફરજિયાત બનાવતા શિક્ષણ વિભાગના પરિપત્રથી રાજકીય વિવાદ ઊભો થયો છે. બીજી તરફ, વિધાનસભામાં રજૂ થયેલા આંકડા મુજબ રાજ્યની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કુલ ૯,૪૪૨ વર્ગખંડોની અછત છે. આ દરમિયાન રાહુલ ગાંધીના સત્યાગ્રહ પોર્ટલ પર ૨૦ દિવસમાં ગુજરાતમાંથી ૧,૧૪૪ ફરિયાદો નોંધાઈ છે. શિક્ષણ વિભાગે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બહાર પાડેલા પરિપત્ર મુજબ સરકારી શાળામાં પ્રવેશવા માટે આચાર્યની પૂર્વમંજૂરી લેવી પડશે. વિદ્યાર્થીઓના ફોટા લેવા, વીડિયો બનાવવા, અવાજનું રેકોર્ડિંગ કરવા અને જીવંત પ્રસારણ માટે પણ મંજૂરી ફરજિયાત બનાવાઈ છે.

નિયમોના ભંગ બદલ કાયદાકીય કાર્યવાહી અને પોક્સો કાયદાના ઉલ્લેખને લઈને વિપક્ષે સવાલો ઉઠાવ્યા છે. માર્ચ ૨૦૨૬માં વિધાનસભામાં રજૂ થયેલી માહિતી મુજબ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૮,૫૮૬ અને માધ્યમિક શાળાઓમાં ૮૫૬ વર્ગખંડોની અછત છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સૌથી વધુ ૧,૧૪૦ વર્ગખંડોની અછત નોંધાઈ હતી. માર્ચ ૨૦૨૫માં રજૂ થયેલા આંકડા મુજબ રાજ્યની ૩૨૭ સરકારી પ્રાથમિક શાળાઓ માત્ર એક વર્ગખંડથી કાર્યરત હતી. રાહુલ ગાંધીએ ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શરૂ કરેલા સત્યાગ્રહ પોર્ટલ પર ૨૩ ઓક્ટોબર સુધીમાં દેશભરમાંથી ૩૬,૫૨૩ ફરિયાદો નોંધાઈ હતી. તેમાંથી ગુજરાતની ૧,૧૪૪ ફરિયાદો હતી, એટલે કે દરરોજ સરેરાશ ૫૭ ફરિયાદો નોંધાઈ હતી. કોંગ્રેસના જણાવ્યા મુજબ ભ્રષ્ટાચાર અને શિક્ષણની સમસ્યાઓ ફરિયાદોના મુખ્ય મુદ્દા છે, જ્યારે ભાજપે પોર્ટલ પરના દાવાઓની વિશ્વસનીયતા સામે સવાલો ઉઠાવ્યા છે.






# ઓનલાઈન ઓર્ડરમાં છેતરપિંડી: એમેઝોન પાર્સલ કૌભાંડમાં ત્રણની ધરપકડ

સુરત,તા.૨૫

સુરતમાં એમેઝોનનાં પાર્સલમાંથી અસલ કપડાં કાઢી તેની જગ્યાએ નકામાં કપડાં મોકલવાના કથિત કૌભાંડમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાં નરેશ બાવિષ્કર, રવિ જૈસ્વાલ અને તેની પત્ની કાવ્યાનો સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, અસલ કપડાં કાઢીને બુધવારી બજારમાં વેચવામાં આવતા હતા. પોલીસે લેડીઝ કુર્તી, સાડી, દુપટ્ટા સહિત રૂ. ૪.૯૩ લાખનો મુદામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.





